Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

R-37

अनु० नं० २२९९
गु० न
११

# णना भंडारो अने स्वा वास करीने तेमां रेहेलुं अपभ्रंश त था प्राचीन गूजराती स ाहित्य.

एम. ए. )

पंचम गूजराती साहित्य परिषद् वास्ते तैयार करेलो

निबंध.

चीमनलाल डाह्याभाइ दलाल एम. ए.

लाइब्रेरी मिसेलेनी माटे प्रसिद्ध करनार

वेहेराम मेहेरवानजी दादाचानजी बी. ए.
मांडवीरोड–वडोदरा.

वडोदरा.

...पुरारोड उपर धी "विद्याविलास प्रेसमां" शा. मोहनलाल विठ्ठलदासे प्रसिद्ध...
माटे छाप्युं अने तेमणे उपले ठेकाणेथी प्रसिद्ध कर्युं. ता. २८–५–१५.

...ब्धु ...किल-
...कवाड सर-
...टणना
...मां
अ-
...र्ण
...-

नम्र सूचन
इस ग्रन्थ के अभ्यास का कार्य पूर्ण होते ही नियत समयावधि में शीघ्र वापस करने की कृपा करें. जिससे अन्य वाचकगण इसका उपयोग कर सकें.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# * पाटणना भंडारो अने खास करीने तेमां रहेलुं अपभ्रंश तथा प्राचीन गूजराती साहित्य.

( चीमनलाल डाह्याभाई दलाल, एम. ए. )

पाटणना भंडारो कर्नल टोडना वखतथी आ देशना तथा विदेशी प्राचीन शोधखोळ रसिक विद्वद्वर्गमां प्रसिद्ध थयेला छे. कर्नल टोडे राजस्थानना इतिहासमां तेमांना पुस्तकोनो उपयोग कर्यो हतो; सर अलेक्षान्डर किन्लोक फोर्बसे रासमाळा वास्ते गुजरातना प्राचीन इतिहासनां साधनो अहींथी मेळव्यां हतां. तदनंतर मुंबइ सरकार तरफथी जुना हस्तलिखित पुस्तकोनी शोधखोळ वास्ते नीमायेला अमलदारो पैकी डो. ब्युलर, किलहोर्न, भांडारकर वगेरेए आ भंडारोनो केटलोक भाग तपास्यो हतो. श्रीमंत गायकवाड सरकार तरफथी पण स्वर्गस्थ प्रो. मणीलाल पासे एक टीप करावेली हती. परंतु आ पाटणना भंडारोनुं यथार्थ रहस्य–तेमां जळवाइ रहेला अप्राप्य संस्कृत तथा प्राकृत ग्रंथो, अंधारामां रहेलुं अपभ्रंश साहित्य अने दुर्लक्ष्य पामेलुं प्राचीन गुजराती साहित्य–समग्र रीते अत्यार सुधी कोइना जाणवामां न हतुं. आनां मुख्य कारणो ए छे के बधाए भंडारो संपूर्ण रीते कोइने पण बताववामां आव्यां नहतां; अने जे बताववामां आव्यां हतां तेनुं पूर्णविवेचक दृष्टिए अवलोकन थयुं न हतुं.

१९१४ ना सप्टेम्बर मासमां मने श्रीमंत सरकारना हुकमथी पाटणना भंडारमां केवां पुस्तको, इतिहास, भाषाशास्त्र तथा साहित्यनी दृष्टिए अगत्यनां छे ते अवलोकन करवानुं काम सोंपवामां आव्युं हतुं. १२ अठवाडीयानी अंदर समस्त भंडारो बारीकाइथी तपास्या. तेमां रहेला ६५८ ताडपत्रो तथा आशरे १३००० कागळनां पुस्तकोमांथी केटलांक पुस्तको, संस्कृत अने प्राकृतने बाजु मूकतां, आपणी भाषाना तथा साहित्यना इतिहासने वास्ते घणां अगत्यनां छे.

---

* पंचम गूजराती साहित्य परिषद माटे तैयार करेलो निबंध.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पाटणमां गूजर राज्यनी स्थापना जैनोथी थयेली छे; अने वनराजना समयथी पाटण जैनोना मध्यबिंदु तरीके प्रसिद्ध थयेल छे. जैन धर्म तथा तेना आचार्योने मळता राज्याश्रयथी १० थी १३ मा शतक सुधीमां जैन आचार्योए गुजरातना पाटनगरमां तथा अन्य स्थळोए रहीने घणा अगत्यना ग्रन्थो रचीने गुजरातनुं साहित्य उत्पन्न करेलुं छे. जैन आचार्योए रचेलुं साहित्य बाद करीए तो गूजरातनुं साहित्य अत्यंत क्षुद्र देखाशे. साहित्यनी प्रवृत्ति पुस्तकोना संग्रहवगर अशक्य छे अने तेथी जैनोए पोताना धार्मिक साहित्य उपरांत बौद्ध तथा ब्राह्मण ग्रंथो पाटण, खंभात वगेरेना स्थळोना भंडारोमां संग्रहेला हता; अने आ भंडारोना लीधेज बौद्धो तथा ब्राह्मणोना प्राचीन ग्रंथो जे कोइ पण ठेकाणेथी मळे नहीं तेवा अहींयां उपलब्ध थयेला छे

कुमारपाले २१ भंडारो तथा वस्तुपाले १८ क्रोडना खर्चे मोटा त्रण भंडारो स्थापेला हता. परंतु अत्यंत दिलगीरीनी वात छे के आ महत्वना भंडारोनुं एक पण पुस्तक पाटणना भंडारोमां जोवामां आवतुं नथी. ते भंडारो जो अत्यारे विद्यमान होत तो तेमांथी आपणने एकला गूजरातनी नहीं पण समग्र हिंदुस्ताननी ऐतिहासिक, साहित्यविषयक, दार्शनिक, धार्मिक वगेरे प्रवृत्तिओनुं वधारे ज्ञान थात. परंतु गत वस्तुनो शोच नहीं करतां अत्यारे जे पुस्तको भंडारोमां विद्यमान छे तेनी अगत्यता तपासीए. अहींया अपभ्रंश अने जूना गुजरातीना पुस्तकोनुं अवलोकन वधारे वास्तविक तथा बंध बेसतुं होवाथी संस्कृत अने प्राकृत ग्रंथोनुं तो मात्र दिग्दर्शन करीश.

**संस्कृत** न्यायशास्त्रमां बौद्धोना केटलांक प्राचीन न्यायना पुस्तको जे हिंदुस्तानमांथी नष्ट थएला छे परंतु तेना टीबेटन अनुवादमां जळवाइ रहेला छे ते अहिंआ मळेला छे. ब्राह्मणोए तथा जैनोए तर्कभाषा रचेली छे परंतु ते बंने करतां अतिशय प्राचीन बौद्धोनी तर्कभाषा छे. आशरे १० मां शतकमां थयेला राजजगद्दलविहारीय महायति मोक्षाकर गुप्ते ( १ ) प्रत्यक्ष ( २ ) स्वार्थानुमान अने ( ३ ) पदार्थानुमान एम त्रण परिच्छेदमां आ तर्कभाषा रचेली छे. न्यायबिन्दुना कर्ताए हेतुबिन्दु नामनो ग्रंथ हेतुवाद उपर रचेलो छे इ. स. ७८० ना अरसामां तेना उपर विनीतदेवे टीका बनावेली छे नालन्दना विश्वविद्यालयना गुरु शांतरक्षितना तत्वसंग्रहमां विविध दर्शनोनी समीक्षा करेली छे. आना उपर नालन्दना विश्वविद्यालयना मंत्रशास्त्रना गुरु कमलशीले ( इ. स. ७९० ) तत्व संग्रह पंजिका नामनी टीका करेली छे. आ उपरांत न्यायसार उपर भासर्वज्ञनी स्वोपज्ञ न्यायभूषण

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



टीका, जयराशिनो तत्वोपप्लव, शब्दनी नित्यता उपर भट्टवादीन्द्रनुं महाविद्याविडंबन तेना उपर भुवन सुंदरनी वृत्ति अने ते उपर टिप्पन, परम पाशुपताचार्य वामध्वजनो न्यायकुसुमांजलि निबन्धन; शिडिल वोम्मिदेव भूपतिनो न्यायकुसुमांजलि उपर कुसुमोद्गम नामनी टीका वगेरे ग्रन्थो पण जाणवा योग्य छे.

ऐतिहासिक पुस्तकोमां बिह्लणना विक्रमादित्य चारित्रना नायक विक्रमादित्य ( आहवमल्ल ) ने अवलंबीने अभिलषितार्थ चिंतामणिना कर्ता अने चरित्र नायकना पौत्र दक्षिणना चौलुक्य वंशना राजा भूलोकमल्ल सोमेश्वरे (इ. स. ११२७-११३८) विक्रमांकाभ्युदय नामनुं रसमय चंपू काव्य रच्युं छे. आ काव्य त्रुटक ताडपत्रमां मळेलुं होवाथी विक्रमादित्यना यौवराज्य वर्णन लगी प्राप्त थएलुं छे.

वस्तुपालना समकालीन आचार्य बालचंद्रे वसंतविलास नामनुं वस्तुपाल उपर महाकाव्य रचेलुं छे. वस्तुपालना गुरु विजयसेनना शिष्य अने धर्माभ्युदय नामना संघाधिपति चरित्र काव्यना कर्ता उदयप्रभ आचार्ये सुकृतकीर्तिकल्लोलिनी नामनी १८० श्लोकनी वस्तुपाल उपर प्रशस्ति रचेली छे. हम्मीरमदमर्दन नाटकना कर्ता जयसिंहसूरिए पण ११३ श्लोकनी एक प्रशस्ति बनावेली छे. कुमारपालना संबंधमां जयसिंहसूरिना कुमारपाल चरित्र महाकाव्य उपरांत चारित्रसुंदरनुं कुमारपाल चरित्र काव्य, सोमतिलकनुं कुमारपाल चरित्र, संवत् १४७९ मां उतरायेलो कुमारपाल प्रबंध ए मुख्य पुस्तको छे.

काव्यमंडनादि ८ ग्रंथोना कर्ता मंडपदुर्गना पादशाहना मंत्रि मंडननुं महेश्वर कविए रचेलुं काव्य मनोहर नामनुं ४ सर्गात्मक चारित्र छे. रंगविजयनी गूर्जर देश भूपावलीमां औरंगजेब सुधीना गूर्जर राजाओना वंशनुं आशरे २०० श्लोकोमां वर्णन छे. जयसोमनी मंत्रिकर्मचंद्रवंशावलीमां मारवाडना राजसिंहना मंत्रि अने त्यारबाद अकबर बादशाहना सामाजिकाध्यक्ष कर्मचंद्रना तथा तेना पूर्वजोना सुकृतोनुं वर्णन छे. वल्लभगणिना विजयदेव माहात्म्यमां हीरसौभाग्यनी पेठे विजयसेनसूरिना शिष्य विजयदेवसूरीश्वरनुं चारित्र छे. हेमविजयनी कीर्तिकल्लोलिनीमां विजयसेनसूरिनुं यशोवर्णन करेलुं छे.

अलंकारशास्त्रमां बालरामायण कर्पूरमंजरी वगेरेना कर्ता यायावरीय राजशेखरनो काव्यमीमांसा एक घणो अगत्यनो लेख छे. आ ग्रंथ अढार अधिकरणमां हतो. प्रथम अधिकरणना अढार अध्याय छे. प्रथम अधिकरणज फक्त उपलब्ध थयेलो छे अने ते पण जैन

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



भंडारोमांथी. हिंदुस्ताननां जुदा जुदा भागोना लोकोनी भाषा विषे बोलतां लाट तथा सौराष्ट्र देशोनी भाषा वास्ते कहे छे के—

पठंति लटभं लाटाः प्राकृतं संस्कृतद्विषः ।
जिह्वया ललितोल्लापलब्धसौंदर्यमुद्रया ॥
सुराष्ट्रप्रभवा ये च पठंत्यर्पितसौष्ठवं ।
अपभ्रंशावदंशानि ते संस्कृतवचांस्यपि ॥ ६ ॥

पार्श्वनाथ चरित्रादि विंशति प्रबंधना कर्ता आचार्य विनयचंद्रनो कविशिक्षानो ताडपत्र उपर एक अपूर्ण प्रतीक छे. चोथा परिच्छेदमांथी प्रतीक त्रूट छे. कवि कहे छे के बप्पहट्टि गुरुनी वाणीमां कविशिक्षा कहीश. ( काव्यशिक्षा प्रवक्ष्यामि बप्पहट्टिगुरोर्गिरा ) बप्पभट्टि काव्य शैक्ष कहेवाता हता; अने तेमनी रचेली कविशिक्षानो कर्ताए पोताना ग्रंथमां उपयोग करेलो हशे. प्रस्तुत शिक्षामां ते वखतना देशोनी माहीती सारी आपेली छे.

चोराशी देशोनां नाम नीचे प्रमाणे गणावेला छेः चतुरशीतिर्देशाः गौडकन्यकुब्ज कैलुकलिंगअंगवंगकुरंगआचाल्यकामाक्षओड्रपुंड्रउडीशमालवलोहितपश्चिमकाछवालंभसौराष्ट्रकंकणलाटश्रीमालअर्बुदमेदपाटमरुवरेंद्रयमुनागंगातीरअंतर्वेदिमागधमध्यकुरुडाहलकामरूपकांचीअवंतापांतककिरातसौवीरऔशीरवाकाणउत्तरापथगुर्जरसिंधुकेकाणनेपालटक्कतुरुष्कतइकारबर्बरजर्जरकाश्मीरहिमालयलोहपुरुषश्रीराष्ट्रदक्षिणापथसिंघलवैडकौशलपांडुअंध्रविंध्यकर्णाटद्रविडश्रीपर्वतविदर्भधारउरलार्जीतापीमहाराष्ट्रआभीरनर्मदातटद्वीपदेशाश्चेति ’

हीरुयाणी इत्यादि षट्कं । पत्तनादि द्वादशकं । मातरादिश्चतुर्विंशतिः । वडू इत्यादि षट्त्रिंशत् भालिज्जनादि चत्वारिंशत् । हर्षपुरादि द्विपञ्चाशत् । श्रीनारप्रभृति षट्पंचाशत् । जंबूसरप्रभृति षष्ठिः । पडवाणप्रभृतिः षट्सप्ततिः । दर्भावतीप्रभृति चतुरशीतिः । पेटलापद्रप्रभृति चतुरुत्तरशतं षदिरालुकाप्रभृति दशोत्तरं शतं । भोगपुरप्रभृति षोडशोत्तरं शतं । धवलक्कप्रभृति पंचशतानि माहडवासाद्यमर्धाष्टमशतं । कौंकणप्रभृति चतुर्दशाधिकानि चतुर्दशशतानि । वंद्रावर्तप्रभृति अष्टादशशतानि । द्वाविंशति शतानि महीतटं । नवसहस्राणि सुराष्ट्राः । एकविंशतिः सहस्राणि लाटदेशः । सप्ततिसहस्राणि गूर्जरो देशः । पारतश्च अहूडलक्षाणि ब्राह्मणपाटकं । नवलक्षाणि डाहाला अष्टादशलक्षाणि द्विनवत्याधिकानि मालवो देशः । षट्त्रिंशल्लक्षाणि कान्यकुब्जः । अनंतमुत्तरापथं दक्षिणापथं चेति । षट्क एटले छ गामोनो समुदाय इत्यादि.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



विनयचंद्र संवत् १२८५ ना अरसामां विद्यमान हता. मलधारिनरचंद्रना शिष्य नरेंद्रप्रभे वस्तुपालना आग्रहथी अलंकारमहोदधि नामनो स्वोपज्ञ टीकावाळो ग्रंथ रचेलो छे हेमाचार्यना शिष्य रामचंद्रे २०० श्लोकनो नाट्यदर्पण नामनो चार विवेकमां नाट्यशास्त्रनो ग्रंथ रचेलो छे पार्श्वचंद्र सूनु आजडनी सरस्वतीकंठाभरण उपर पदकप्रकाश नामनी अगत्यनी टीका छे. पण दुर्भाग्ये ताडपत्रनो प्रतीक अपूर्ण तथा त्रूटक छे. अपभ्रंश संबंधी टीककारे सूत्रोना उदाहरण सहित सारुं स्पष्टीकरण करेलुं छे. काव्यप्रकाश उपर काव्यप्रकाश संकेत उर्फे काव्यादर्श नामनी भारद्वाज गोत्रना भट्टदेवकसूनु सोमेश्वरनी टीकाना ५-६-७-८-९ (अपूर्ण) अध्यायो ताडपत्रउपर छे. प्रतीहारेंदुराजना उद्भटालंकारसारसंग्रह, तोमर वंशना काश्मीरी सहदेवनी वामनीयालंकारवृत्ति, अमरचंद्रनी काव्यकल्पलता उपर विवेक नामनी टीका, भावदेवनो अलंकारसार, मलवाना महामात्य वाग्भटना पुत्र देवेश्वरनी कविकल्पलता नामनी कविशिक्षा वगेरे जाणवा लायक ग्रंथो छे.

काव्योमां धर्मपाल वंश विभूषण अने विक्रमशील संभव पालवंशना युवराज हारावर्षनी आज्ञाथी अभिनन्द कविए रचेला अभिनन्द काव्य ( रामचरित ) ना ताडपत्र तथा कागळ उपर प्रतीको छे. छेल्ला ४ सर्गो ( ३७-४० ) कायस्थ भीमनी कृति छे. वालभ कायस्थ सोड्ढलनी उदयसुंदरी नामनी चंपू कथा गूजरातना संस्कृत साहित्यमां एक अगत्यनो ग्रंथ छे. बाणना जेवी कृति रचवानी उत्कट आकांक्षावाळा आ कविए हर्ष चरित्रनी माफक आठ उच्छ्वासमां आ काव्य रचेलुं छे. प्रथम उच्छ्वासमां कविए पोतानी जातिनी उत्पत्तिनुं तथा स्ववंशनुं वर्णन करेलुं छे. कनकायन नामना प्रधाने अधिकारारोपित स्वजातिओथी व्यभिचार देखाडवाथी वलभीना राजा शिलादित्यने प्रधान बदलवानी चिंता थइ. रात्रे लक्ष्मीए स्वप्नामां दर्शन आप्युं, अने शिलादित्यने पोताना भाइ कलादित्यने अमात्य पदे नियुक्त करवाने आदेश कर्यो. तेणीए कह्युं के तारो कनिष्ठ भ्राता कलादित्य शिवना कायस्थ नामना गणनो अवतार छे. ज्यारे देवताओए समुद्रमथन कर्युं त्यारे प्रथम तो हुं तेमना दृष्टिपथ आवी, परंतु मंदरना परिभ्रमथी उत्पन्न थयेला आवर्तना सन्निवेशथी एकदम तरतज अति गंभीर पाणीमां डुबी गइ. इंद्रादि सर्व देवो ते वखते विषण्ण थइने बृहस्पतिने पुछवा लाग्या. बृहस्पतिए कीधुं के श्रीकण्ठनी पासे कायस्थ नामनो अति प्रसिद्ध गण रहे छे. अष्टमूर्ति भगवान्नी जलमयी मूर्तिने अधिष्ठित समुद्रना आसन्न सहचरत्वपणाथी कायने विषे रहेलो ते कायस्थ एम कहेवाय छे. जलधिनो प्रेमपात्र होवाथी तेनाथी समुद्रमांथी लक्ष्मी लावी शकाशे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्रायशो विदित एव भवतामतिप्रसिद्धः कायस्थो नाम गणः श्रीकण्ठसन्निधावास्ते स चाष्टमूर्तेर्भगवतो जलमयीं मूर्तिमधिष्ठितस्यासन्नसहचरत्वेन काये स्थितत्वात् कायस्थ इति जलैरनाहतशक्तेः प्रणयास्पदमम्बुधेरासीत् ।

आ कायस्थ गणनी मददथी देवोए मने समुद्रमांथी कहाडी. आ कायस्थ गण शिवनी आज्ञाथी पृथ्वी उपर अवतरेलो छे अने ते तमारो भाइ कलादित्य छे अने ते पोताना वंश स्थापवा पर्यंत अहींआं रहेशे. शिलादित्ये आथी पोताना भाइने अमात्य पदे स्थाप्यो. आ कलादित्यथी वलभीथी नीकळेलो वालभ नामनो कायस्थोनो वंश उत्पन्न थयो. ( वलभीविनिर्गत इति वालभो नाम कायस्थानां वंशः )

वंशस्य सच्चरितसारवतः किमङ्ग संगीयते सुललिताकुटिलस्य तस्य ।
येनान्तरधृतभरेण धराधिपत्ये राज्ञां जयत्यहतविस्तरमातपत्रम् ॥
किं बहुना । तृतीयमक्षयोन्मेषं कायस्थ इति लोचनं ।
राजवर्गो वहन्नेष भवेदत्र महेश्वरः ॥

आ प्रमाणे कविए कायस्थोनी स्तुति करवामां बाकी राखी नथी. आ विस्तृत वंशमां लाटदेशाधिष्ठित उमेशवंशावतीर्ण चंडपतिनो पुत्र साल्लापेय थयो; तेनो अनेकोपमायुत कुलविभूषण सूर नामनो एक पुत्र हतो. तेनो पंपावतीथी प्रथम सोड्ढल नामनो पुत्र थयो. तेना पिता बाल्यावस्थामां तेने मूकीने मरण पाम्याथी लाटदेशना राजा गोगिराजना मित्र पोताना मातुल गंगाधरथी उछेरायो हतो. बाल्यावस्थाथीज तेनामां कवित्वनां अंकुरो स्फूर्या हतां. चौलुक्यकुलाभरणनायक कीर्तिराजनो पुत्र सिंहराज तेनो सहाध्यायी हतो अने चंद्र नामनो विद्वान् तेनो गुरु हतो. लाटदेशना सिक्कुर हारीय द्विसप्तति ( ७२ गामनी ) तथा वाहिरिहार सप्तशतक ( ७०० गामनी ) कुलक्रमागत ध्रववृत्ति ( ध्रुववृत्ति ) नो ते स्वामी हतो. यौवनावस्थामां लाटदेशना राजा वत्सराजना मित्र कोंकणना मुम्मुणि राजनी राजधानी स्थानकमां जइने रह्यो हतो. अने त्यां तेने प्रदीपकश्लोकथी मुदित मुम्मुणिराजे सभामां कविप्रदीप एवा नामथी बोलाव्यो हतो. स्थितराज, नागार्जुन अने मुम्मुणिराज ए त्रणे कोंकणना राजाओए सन्मान करेलुं हतुं. अशोकवती कथाना कर्ता महाकवि श्वेताम्बराचार्य चंदनाचार्य, खड्ग काव्यथी

× गोगिराज कीर्तिराज तथा वत्सराज माटे शके ८३६ नुं चौलुक्य त्रिलोचनपालनुं दानपत्र जुओ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



परितुष्ट नागार्जुनराजे आपेला खाचार्य एवा अपर नामवाळा विजयसिंह नामना शीघ्र-कवि तथा रत्नमंजरी चंपू-ग्रंथना कर्ता भाषत्रयना वक्ता दिगंबराचार्य इंद्रनामना आचार्य तेना मित्रो हता. आ उदयसुंदरी कथाना गुण रीति रीति वगेरेनुं वर्णन प्रथमां कविए करेलुं छे. शापाभिभूत बाणभट्ट आ कथा वांचीने अभिनन्दी अने तेथी तेना श्रापनी मुक्ति थई. भास, कालिदास, गुणाढ्य, कुमारदास, बाण, श्रीहर्ष, वाकपतिराज, भवभूति मुंज, भोज वगेरे कविओने तेमनी कविता वास्ते आ काव्यमां वखाण्या छे.

वागीश्वरं हन्त भजेभिनन्दमर्थेश्वरं वाक्पतिराजमीहे ।
रसेश्वरं स्तौमि च कालिदासं बाणं तु सर्वेश्वरमानतोस्मि ॥

बाण कविनो आदर्श कवि हतो. आ कथानो नायक शालिवाहनना वंशनो प्रतिष्ठाननो मलयवाहन राजा छे; अने उदयसुंदरीनी प्राप्तिने अनुलक्षीने आ कथा रचली छे. अनंतपालना सं. १०१६ ना ताम्रपत्रमां नागार्जुन तथा तेना कनिष्ठ भ्राता मुम्मुणि राजनुं नाम आवतुं होवाथी कविनो समय विक्रमना अगीयारमा शतकनो पूर्वार्ध निश्चित थाय छे. सुभद्रा परिणयने अवलंबीने मंत्री वस्तुपाले नरनारायणानंद नामनुं महाकाव्य बनावेलुं छे. वस्तुपाले एक आदिनाथनुं स्तोत्र बनावेलुं छे तेवुं आ काव्यना प्रांते जणावेलु छे. परंतु ते अत्यारे उपलब्ध नथी. महान् जैनमंत्रीनी आ एकज कृतिनी प्रति उपलब्ध छे अने ते पण ब्राह्मण धर्मना विषय उपर. मलधारि विजयसिंहना शिष्य हेमचंद्रनुं नाभेय नेमिद्विसंधान नामनुं आदिनाथ अने नेमिनाथ संबंधी द्व्याश्रय काव्य नोंध लेवा लायक छे. उदयप्रभनुं धर्माभ्युदयनामनु संघाधिपति चरित्र वस्तुपाले गिरनारना संघ काढयो ते उपर रचेलुं छे प्रथम अने छेल्ला सर्गमां वस्तुपाल तथा तेना गुरु अने बीजा जैनाचार्यो संबंधी ऐतिहासिक वृत्तांत छे बाकीनो भाग आदिनाथ अने नेमिनाथ वगेरे तीर्थंकरोना चरित्रोनो छे तिलक मंजरीने कविताना टुकमां पल्लीवाल कुळना लघु धनपाले करेली छे. विद्यासिंह अने वैजल देवीना पुत्र मन्मथसिंहना सूक्त रत्नाकर नामना महाकाव्यना धर्मारण्य प्रथम द्वारमां धर्मना सूक्तो संग्रहेला छे. कातन्त्र दौर्गसिंही वृत्तिना प्रयोगोना उदाहरणरूप भीष्मने अवलंबीने मूल महाकविए प्रतिज्ञागांगेय नामनुं महाकाव्य रचेलुं छे. मंडप दुर्गना पादशाह आमिलशाहना मंत्रि मंडने काव्यमंडन ( पांडवो संबंधी ) चंपूमंडन ( द्रौपदीविषयक) कादंबरी मंडन ( कादंबरीसार ), शृंगारमंडन, अलंकार मंडन, संगीतमंडन, उपसर्ग मंडन अने चंद्रविजय प्रबंध ( चंद्र उपर ) एम आठ ग्रंथो रचेला छे. मंत्रिमंडननुं जीवन कवि महेश्वरे काव्य मनोहरमां लखेलुं छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



दामोदर गुप्तनुं शुंभलिमत काव्यमालामां जेटलुं छपायेलुं छे तेनां करतां १०० श्लोक वधारे पाटणना भंडारना ताडपत्रमांथी मळे छे. प्रतिकनां छेवटनां पानां त्रुटित होवाथी ग्रंथ पूर्ण करवामां आशरे १०० श्लोक खुटे छे. छेवटना खंड उपरथी जणाय छे के ग्रंथनुं १२९० श्लोकनुं प्रमाण छे जैन नाटकोना संबंधमां वसंतमां गुजरातीनुं संस्कृत नाटक साहित्य नामना लेखमां कहेवायेलुं छे. अहींआ अन्य देशना नाटको बतावीशुं कादंबरीकथासारना कर्ता अभिनंदना पिता वृत्तिकार जयंतना आगमडंबर नामना नाटकमां षड्दर्शननी समीक्षा कहेली छे. साहित्य दर्पणमां त्रिपुरदाह अने समुद्रमथन नाटकोनां नामो आपेलां छे. आ बे नाटकोना कर्त्तीना आ उपरांत चार नाटको ताडपत्र उपर लखेला मळेला छे. कर्पूर चरित्रभाण ( द्यूतकार कर्पूरना पराक्रमो ) रुक्मणीपरिणय इहामृग हास्यचूडामणि प्रहसन, त्रिपुरदाह डिम, किरातार्जुनीय व्यायोग अने समुद्रमथन समवकार ए छ नाटको कालिंजरना परमर्दिदेव ( इ. स. ११६९–१२०३ ना अमात्य कवि ) वत्सराजनी कृतिओ छे. मुरारिनुं अनर्घ राघव गुजरातमां घणुं प्रिय थएलुं मालूम पडे छे; कारण के तेना उपर मलधारी देवप्रभाचार्यनो अनर्घराघव रहस्यादर्श ( ग्रंथ ७९०० ) तेमना शिष्य नरचंद्राचार्यनुं मुरारि टिप्पन ( ग्रंथ २५०० ) अने तपगच्छना जयचंद्रसूरिना शिष्य जिनहर्षनी अनर्घ राघववृत्ति एम त्रण टीकाओ छे.

व्याकरणमां हमन्यास, सूत्रवृत्तिकार मलयगिरिनुं शब्दानुशासन, संवत् १०८० मां बुद्धिसागर आचार्ये रचेलुं बुद्धिसागर व्याकरण, कातन्त्र दौर्गसिंही उपर गोह्लणनी वृत्ति तथा मोक्षेश्वरनी कृद्वृत्ति, त्रिलोचनदासनो कातन्त्र पंजिकोद्योत, बोपदेवना कविरहस्य उपर रविधर्मनी टीका, संवत् १६८७ मां रचेलो स्वोपज्ञ क्रियाकलापलता टीका समेत साधु सुंदरनो धातुरत्नाकर ए नोंधवा लायक ग्रंथो छे.

कौटिल्य अर्थ शास्त्रना तथा तेना उपर योग्घमनी निति निर्णय नामनी टीकाना थोडांक पत्रो ताडपत्रना छे

कथाओमां वस्तुपालनी प्रार्थनाथी रचेलो नरचंद्रनो कथारत्न सागर १५ तरंगोमां छे.

शिवमंदिर निर्माण उपर वैरोचनीय लक्षण समुच्चय, मंडननो रूपमंडन, अने केशवनो वास्तु तिलक ए नवीन ग्रंथो छे. त्रिभुवनमल्ल सामेश्वर देवना अभिलषितार्थ चिंतामणि उर्फे मानसोल्लासमां जूदी जूदी कळाओनुं शत अध्यायमां विवेचन करेलुं छे. **पाटणना भंडारनी प्रत जो के अपूर्ण छे तोपण मद्रास ओरीएंटल लाइब्रेरीनी प्रत करतां**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आगळ जाय छे. मलधारि राजशेखरना शिष्य सुधाकलशे संवत् १३६० मां संगतिसारोद्धार नामना ग्रंथ रचेलो छे. आ उपरांत प्रश्न चूडामणि आदीने रचायेला ग्रंथो--चंद्रोन्मीलन भट्टलक्ष्मणनो चूडामणिसार, पार्श्वचंद्रनो हस्तकांड-मां प्रश्नोना अक्षरोनी गणतरीथी नष्ट लाभ आयु, मृत्यु, वगेरे भूत, भविष्य अने वर्तमान जाणवानी कळा आपेली छे उपाध्याय मेघविजयना वर्ष प्रबोधमां कृषिकारो तथा व्यापारिओने जाणवा लायक घणी बाबतोनो समावेश करेलो छे माणिक्य सूरिए शकुन सारोद्धारमां शकुन शास्त्र संक्षेपमां कहेलुं छे.

**प्राकृत.** भद्रेश्वरनी कथावली २४००० ग्रंथ प्रमाणनो एक महान् प्राकृत गद्य ग्रंथ छे; तेमां हेमाचार्यना त्रिषष्ठि शलाका पुरुष चरित्रनी माफक ६३ महापुरुषोनां चरित्रो आपेलां छे. आ उपरांत महावीर स्वामिथी ते हरिभद्र सूरि सुधीना आचार्योनो इतिहास पण छे. ज्यारे त्रिषष्ठिमां फक्त वज्र स्वामि सुधीना आचार्योनुं वर्णन छे. आमांथी आम प्राचीन इतिहासनी घणी सामग्री मळे तेम छे. संवत् ११९१ मां लखायेला एक ताडपत्रना पुस्तकमां सिद्धसेन, पादलिप्त, मल्लवादि अने बप्पभट्टिनां प्राकृत पद्यमां चरित्रो छे. बप्पभट्टिचरित्रमां गौडवहोना कर्ता वप्पइरायने बप्पभट्टिए जैन बनाव्यो ते वात वर्णवेली छे; प्राकृत चरित्रो प्राचीन होवाथी संस्कृत करतां वधारे विश्वनीय छे. कुमारपाल प्रतिबोध उर्फे हेमकुमार चरित्र संवत् १२४१ मां सिद्धराजे कवींद्र अने भ्राता तरीके व्याहरायेला प्रसिद्ध पोरवाड कवि श्रीपालना पुत्र सिद्धपालनी वसतिमां विजयसिंह सूरिना शिष्य सोमप्रभाचार्ये ( सुमतिनाथचरित्रना कर्ता ) ८ प्रस्तावमां ( ग्रं. ८००० ) पाटणमां रचेलुं छे. अनेकार्थकैरव कौमुदीना कर्ता अने हेमाचार्यना शिष्य महेन्द्र सूरिने वांची संभळावेलुं होवाथी तथा कुमारपालना मृत्यु पछी फकत ११ वर्षे रचेलुं होवाथी विश्वसनीयतानी छाप तेना उपर छे. प्रथम ४०० गाथामां पाटण तथा तेना राजाओ, कुमारपालनी वंशपरंपरा तथा हेमाचार्यनी गुरु परंपरा तथा जन्म तथा दीक्षा वृत्तांत वगेरे तथा कुमारपालनी सत्य धर्म जाणवानी इच्छा तृप्त थती न होवाथी अमात्य बाहड देवे सत्यधर्म हेमाचार्य पासेथी जाणवानुं कह्युं ते बाबत छे. बाकी तो कुमारपालने प्रतिबोध आपवाने करेली कथाओज छे.

दाक्षिण्यांक इंद्रसूरिनी शाके ८०० ना अरसामां रचायेली कुवलयमाळा एक मनोहर प्राकृत गद्य काव्य छे. आदिमां जुदी जुदी जातनी कथाओना लक्षणो आपेला छे. कुवलयमाळा वास्ते हेमाचार्यना गुरु देवचंद्र शांतिनाथ चरित्रमां कहे छे के:—



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



दाक्खिन्नइंदसूरिं नमामि वरवन्नभासिया सगुणा ।
कुवलयमालेव्व कहा कुवलयमाला कहा जस्स ॥
आनो संक्षेप रत्नप्रभाचार्ये संस्कृतमां करेलो छे.

शालिवाहनना वखतमां थयेला पादलिप्ताचार्यनी तरङ्गलोला कथानो आशरे १६०० गाथानो संक्षेप मळी आवे छे. कथानी वस्तु श्रेणिकना पुत्र कोणिकना समयमां कौशाम्बीमां मूकेली छे. आ कथानी रचना वगेरेनो वृत्तांत प्रबंधकोश तथा प्रभावक चारित्रमांथी मळे छे.

सीसं कहवि न फुट्टं यमस्स पालित्तयं हरंतस्स ।
जस्स मुहनिज्झराओ तरङ्गलोला नई वूढा ॥ प्रभावक चारित्र.
प्रसन्नगम्भीरपथा रथाङ्गमिथुनाश्रया । पुण्या पुनाति गङ्गेव गां तरङ्गवती कथा ॥

प्रातिष्ठानना शालिवाहनने नायक कल्पीने भूषणभट्टसूनुए लीलावती नामनी १८०० ग्रंथ प्रमाण १३३२ गाथाबद्ध शृंगारिक पद्यमयी कथा महाराष्ट्रीमां रचेली छे. कथानी वस्तु कविनी स्त्री प्रियतमाए कहेली छे अने कविए ते कवितामां गूंथी छेः भणियं च पियमाए रइयं मरहट्टदेसिभासाए. आ कथाना श्रवण करनार विरहथी दुःखित थता नथी. हेमाचार्यना काव्यानुशासनमां प्राकृत पद्य कथा तरीके लीलावतीनुं उदाहरण आपेलुं छे ते आ हशे.

दीहत्थि कहा एसा अणुदियहु जे पढंति निसुणन्ति ।
ताय पियविरहदुरकं न होइ कइयावि तणुअंगि ॥ १३३० ॥

आ उपरांत बुद्धिसागरना शिष्य धनेश्वरे संवत् १०८० मां रचेली शील उपर सुरसुंदरी कथा, २० उद्देशमय दवदंती कथा, सज्जन उपाध्यायना शिष्य महेश्वर सूरिनी २००० गाथामां ज्ञानपंचमी कथा ( भविसदत्त कहा ) महसूरिनुं सीया चारित्र वगेरे काव्यमय कथाओ छे.

१२ मा तथा १३ मा शतकमां रचायेला तीर्थकरोनां प्राकृत चरित्र काव्यो घणां छे. मानदेवना शिष्य शीलाचार्यनुं महा पुरुष चरित्र ( १२८०० ग्रंथाग्र ) संवत् ९२५ मां रचायेलुं छे. वस्तु त्रिषष्ठिर्नाज छे.

वसुदेवहिंडि नामनी लम्भकमय बृहत्कथामां कृष्णना पिता वसुदेवनुं पराक्रममय

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



चरित्र होइ तेमां घणी कथाओ छे. १२ मा तथा १३ मा शतकना आचार्योए भद्रबाहुस्वामिने सवालाख प्रमाण वसुदेवचरित्रना कर्ता तरिके स्तव्या छे.

वंदामि भद्दबाहुं जेण य अइरसियबहुकहाकलियं ।
चरियं सव्वालक्खं रइयं वसुदेवरायस्स ॥
( देवचंद्रकृत शांतिनाथ चरित्र )

वसुदेवहिंडना जे प्रतीको हमणां पाटण, खंभात, अमदावाद वगेरे स्थळोए मळे छे तेना ७१ लंभक होइ ग्रंथ प्रमाण फक्त २८००० छे. मारा सांभळवा प्रमाणे आ ग्रंथना सवालाख प्रमाणनो आशरे २००० पत्रनो प्रतीक मुर्शीदाबाद, कलकत्ता, अथवा अजीमगंजना कोइ बाबुने १००१ नी कींमते वेचवामां आव्यो हतो. आवो महान् ग्रन्थ नष्ट न थाय ते माटे तेनी शोधखोळ थइ नकलो करावी लेवी घटे छे.

प्राकृत व्याकरण ग्रंथोमां दोधकार्थ ए हेमाचार्यना अष्टमाध्यायना अपभ्रंश दोहाना अर्थो छे. नरचंद्राचार्यना प्राकृतप्रबोधमां अष्टमाध्यायना आख्यातोनी रूप सिद्धि छे. विमलनो देशीनाममालोद्धार हेमाचार्यना ग्रंथनो सार छे. नंदिअड्ढ तथा पिंगलसारोद्धारमां प्राकृत छंदोनां लक्षणो आपेलां छे.

सूक्त संग्रहमां जयवल्लभनी वज्जालग्ग क्षेपक सहित, तथा तेना उपर छाया, विजयपाळना पुत्र विक्रमपालना पुत्र रुद्रपालना पुत्र म्हाइंदेवना पुत्र जल्हणनी सप्तशती छाया सालंकारा तथा विमलाचार्यनी लघु टीका नोंधवा लायक छे.

प्रश्न व्याकरण उर्फे जयप्राभृत नामना निमित्त शास्त्रना ग्रंथ उपर चूडामाणि, ज्योतिः तथा नाम वगरनी एम त्रण टीकाओ छे. प्रणष्ट लाभमां खोवाएली वस्तु क्यारे मळशे तेनुं ज्ञान आपेलुं छे. ठक्कर फेरुना वास्तुसारमां प्राकृतमां वास्तुशास्त्र संक्षेपमां कहेलुं छे

**अपभ्रंश** काव्योना सर्गोनुं नाम संधि होय छे. आ संधिओ ते कडवाओना समूह छे ( सन्ध्यादौ कडवकान्ते च ध्रुवं स्यादिति ध्रुवः ध्रुवकं घत्ता वा कडवकसमूहात्मकः सन्धिस्तस्यादौ पद्धडिकाद्यैच्छन्दोभिः कडवकम् )

पाटणना भंडारमां संधिबद्ध ग्रंथो तथा केवळ संधिओ केटलीक मळेली छे. गुज-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



रातीमां जेम काव्यने रास कहे छे तेवी रीते अपभ्रंश तथा प्राकृत भाषामां रासो हता. यशोदेवोपाध्यायना संवत् ११७४ मां रचेला नवतत्त्वभाष्यविवरणमां माणिक्यप्रस्तारिका प्रतिबद्ध रासकनुं नाम आवे छे.

( अनयोश्च विशेषविधिर्मुकुटसप्तमीसन्धिबन्धमाणिक्यप्रस्तारिकाप्रतिबद्धरासकाभ्यामवसेयः )

पाटणना भंडारमां संदेशरासक नामनो विरहिणीसंदेशविषयक प्राकृत—अपभ्रंशमां, अंतरंग रास तथा नेमि रास अपभ्रंशमां छे.

मुनिवर वरदत्तना बनावेला वज्रस्वामि चरित्रनी बे संधिओ छे. प्रथम संधिमां १२ अने बीजीमां ९ कडवां छे. कुल ग्रंथाग्र ३०० छे. आ चरित्रना त्रण ताडपत्रो पाटणमां छे, तेम एक खंभातमां पण छे. प्रथम कडवुं नीचे प्रमाणे छे:—

अहो जण निसुणिज्जउ कन्नु धरिज्जउ वइरसामिमुनिवरचरिउ ।। १ ।।
साहउं सुमणोहरु भवियह सुंदरु जिं जिणवयणु समुद्धरिउ ।।
तुंबवननामि पुरवरु पहाणु अत्थेत्थु भराहि वरगुणनिहाणु ।
जिणभवणिहिं सुंदरु किउ पवित्तु देउलविहारमंडिउ पवित्तु ।। २ ।।
नंदनवणसरिसरवरेहिं रम्मु पालहिं नर तित्थु जिणंदधम्मु ।
तहिं नयरि अत्थि धणु नाउ सेट्ठि जो हत्थु न उड्डइ कसु वि हेट्ठि ।। ३ ।।
तसु धणगिरि नामि पहाणु पुत्तु पुरमंडणु अत्थि सुगुणेहिं जुत्तु ।
भावयवंसुप्पन्नउ सुद्धभावउ निम्मलगुणमंदिरु समियाउ ।। ४ ।।
उवसंतमोहमोक्खाभिलासि अहिलासु न बंधइ गेहवासि ।
जा कावि वरिज्जइ तासु बाल नवजोव्वणवरनयणविसाल ।। ५ ।।
पडिसेहइ सो मुनि जेम नारि नियजोयणु म अकयत्थ हारि ।
पव्वज्ज लेसु निव्विन्नकामु मइ सफलु करेविणु मणुयजम्मु ।। ६ ।।
अन्नइ पभणिज्जइ सुंदरीए नियतायजणणिग्गामोयणीए ।
हउ अवसवत्तिणि करिसु एहु महु मणइट्ठु एहु वरु वरेहु ।। ७ ।।
( धत्ता ) एहु जइ न वरेसइ नवि परणेसइ तो मइ माइ मरेवउ ।
एहु नयणसुसुंदरु रूवपुरंदरु अवस नाहु करेवउ ।। ८ ।।
**अंत.** मुनिवरवरदत्तिं गणहरभत्ति वइरसामिगणहरचरिउ ।
साहिज्जउ भाविं मुंचहु पाविं जि तिहुयणु नियगुणभरिउ ।।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अंतरंगसंधि धर्मप्रभाचार्यना शिष्य पंडित रत्न प्रभनी अंतरंग संधिना नव अधिकारो (९ कडवा) मां भव्य अने अभव्यना संवाद रुपे तथा मोहसेना तथा जिनसेनाना युद्ध रुपे अंतरंग रिपुओना विजयनुं वर्णन छे. आनी एक ताडपत्र तथा बीजी कागळनी प्रत एम बे प्रतो छे.

चउरंगसंधिना पांच कडवामां चार शरणनुं वर्णन छे. धनपाल पंडितनी पंचमीकहा ( भविसत्तकहा ) २१ संधिओमां छे. आदिनुं एक कडवुं उदाहरण तरीके नीचे आपेलुं छे.

जिणसासणि सातु णिद्धुयपावकलंकमलु ।
सम्मत्तविसेसु निसुणह सुयपंचमिहि फलु ॥
पणविवि पिणु जिणु तइलोयबंधू दुत्तरतरभवणिव्वूढखंधू ।
भव्वयणपंकयपयंगु कयकसणमोहतिमिराहभंगु ॥
नीसेसभरियभुवणंतरालु उक्कयदुकम्मतरुमूलजालु ॥
अविसाउ अराउ अकोहु अलोहु अणावलेउ ।
परमेसरु परमगुणप्पहाणु संपत्तु परमनिव्वुइनिहाणु
अरहंतु अणंतु महंतु सिउ संकंतु सुहुमु अणाइवंतु ।
परमप्पउ पंडिउ महत्थु पवरमहासिरिपरमिट्ठि परमकारणु कयत्थु ॥
घत्ता । सो हियइ धरेवि पवरमहासिरिकुलह रहो ।
वित्थारमि लोइ कित्तणु भविसणराहिवहो ॥
**अंत.** इय भविसत्तकहाए पयडियधम्मत्थकममोक्खाए
बुहधणपालकयाए इत्यादि

आ कथामां कार्तिक शुक्ल पंचमी ( ज्ञानपंचमी ) ना फल वर्णनरूप भविष्यदत्त राजानी कथा छे.

हेमाचार्यना गुरु देवचंद्रनुं सुलसाख्यान १७ कडवामां छे.

एह संधि पुरिसत्थवसत्थिय देवचंदसूरीहिं समत्थिय ।
इय बहुगुणभूसिउ जिणसुपसंसिउ सुलसचरिउम्माथियहं ।
निसुणंतपढंतह भत्तिए सत्तणं दइ मोक्खु मोक्खत्थियहं ॥

खरतर जिनदत्ताचार्यना उपदेश रसायणनी ८० गाथाओ छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



इय जिणदत्तवएसरसायणु इय परलोइय सुक्खहं भायणु ।
कण्णंजलिहिं पियंति जि भव्वइं तेह यंति अजरामर सव्वइं ॥ ४ ॥

चर्चरी नामनी जिनवल्लभनी स्तुति पण अपभ्रंशमां छे.

भावनासार प्रकरणनी ८६ गाथाओ छे.

जिणसासणि लीणा चउगइरीणा भावणसार जि संभरइ ।
सुहसंतिपहाणा मुणिवरराणा ताह गुणथुइ फुड कराहिं ॥ ८६ ॥

दिगंबर योगींद्र देवनो परमात्म प्रकाश भट्ट प्रभाकरनी विज्ञप्तिथी बनावेलो छे. आ अध्यात्मिक ग्रंथ ३३० दूहामां छे.

भट्टपयाहरि विण्णविउ विमलु करेविणु भाव ।

दिगंबर योगचंद्रनो योगसार १०८ दूहामां छे

पंडित धनपालनुं सत्यपुर मंडन महावीरोत्साह नामनुं एक १५ गाथानुं नानुं स्तोत्र अपभ्रंशमां छे.

रखि सामि पसरंतु मोहु नेहु दुय तोडहि
सुम्मदंसणि नाणु चरणु भडु कोहु विहोडहि ।
करि पसाउ सच्चउरि वीरु जइ तुहुं मणि भावइ
तइ लुट्ठइ धणपालु जाउ जहि गयउ न आवइ ॥ १९ ॥

दिगंबर नयनंदिनी आराधना बे विभागमां छे. प्रथम विभागमां ५६ संधि छे अने बीजामां ५८ संधिओ छे. उपलब्ध पुस्तकमां प्रथममां त्रीस अने बीजामां सतावीस संधियोज मळे छे.

मुणिवरणयनंदीसण्णिबद्धे पसिद्धे सयलविहिणिहाणे एत्थ कव्वे सुभव्वे ।
अरिहपमुहसुत्तु वुत्तुमाराहणाए पभाणिउं फुडु संधी अट्ठावण्णं समोत्ति ॥

ससिपालक कुल संभव पार्श्वनंदन धाहिलना पउमसिरि चरित्रमां चार संधिमां पद्मश्री सतीना शीलनुं वर्णन छे. आ क्यारे रचायेलुं छे ते जणाएलुं नथी परंतु प्रतीक संवत् ११९१ नो छे.

आदि. धाहिलु दिव्वादिहि कवि जंपइ अहु जणरोलु मुएविणु संपइ ।
निसुणह साहमि कन्नरसायणु धम्मकहाणउं पहुगुणभायणु ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अंत. ससिपालकबुकय आसि नाहु जसु विमलु कित्ति जगि भमइ स.हु ।
तसु निम्मलि वंसि समुप्पवेण पउमसिरिचरिउ किउ धाहिलेण ॥
कविपासह नंदणु दोसविमद्दणु सूराइहिं महासईहिं ।
जिणचलणह भत्तउ तोयइ पोत्तउ दिव्वदिट्ठिनिम्मलमइहिं ॥

संदेश रासक. आ रासक प्राकृत तथा अपभ्रंशमां छे. तेमां दोहा, गाथा, रड्डा पद्धडिका, चंद्रायण, अर्ध वगेरे छंदो वापरेला छे.

पच्चाएसि पहूओ पुव्वपसिद्धो य मिच्छदेसोत्थि ।
तह विसए संभूओ आरद्दो मीरसेणस्स ॥ ३ ॥
तह तणओ कुलकमलो पाइयकव्वेसु गीयविसयम्मि ।
अद्दहमाणपसिद्धो सन्नेहइ रासयं रइयं ॥ ४ ॥

पाश्चात्य देशमां म्लेच्छ देशमां मीरसेणना संबंधीनो पुत्र अद्दहमान नामनो हतो. तेनी गीतविषय प्राकृत काव्यने विषे प्रीतिने लीधे तेना स्नेहथी आ विरहिणी संदेश विषयक संदेश रासक रचेलुं छे.

तेरमा शतकना अंते तथा चउदमाना प्रारंभे थयेला आगमिक जिनप्रभे केटलाक टुंका ग्रंथो रचेला छे. केटलाक शत्रुंजय उपर रहीने बनाव्या छे.

(१) मदनरेखा संधि. ९ कडवामां मयणरेहा सतीनुं चरित्र १२९७ मां बनावेलुं छे.

एसा महासईए संधी संधी व संजमनिवस्स ।
जं नमिनिवरिसिणा सह ससक्करा खीरसंजोगा ॥
बारहसत्ताणउए वरिसे आसो असुद्धछट्ठीए ।
सिरिसंघपत्थणाए एयं लिहियं सुयाभिहियं ॥

(२) ज्ञानप्रकाश कुलक १२५ गाथा.

सिरिजिणपहलग्गा भव्ववग्गा समग्गा परमपयसुहाणं जायइं ते निहाणं ।
ज्ञानप्रकाशकुलकं रचितमिदं श्रीजिनप्रभाचार्यैः ।
श्रीशत्रुंजयसत्तीर्थसेविभिर्मोहनाशाय ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(३) चतुर्विध भावना कुलक ११ कडवां.

उज्जमु कुगहु जिणपाहि लग्गिउ मोक्खकएसु विवेकिहिं जग्गिउ ॥

( ४ ) मल्लिचरित्र ५१ गाथा; मत्ताछंदमां चंद्रकंठी साध्वीनी विज्ञप्तिथी रचेलुं छे.

एगुणवं सममल्लि जिणह चरियं इय जयट्ठिउ ।
चंदकंठिसुप.वित्तिणीए विन्नत्ति विरइउ ॥
चउविहसंघह देउ लच्छि सग्गअपवग्गह ।
निरुवसग्गअणुविमग्गवग्गसिरिजिणपह लग्गह ॥
मत्ताछंदविणिम्मियगंथमानु पन्नास ।
चरिउ गुणंतसुणंतह वि भावियण पुज्जइ आस ॥

( ५ ) जीवानुशास्ति संधि १८ गाथा

इय विविहपयारिहिं विहिअणुसारिहिं भाविहि जिणपहुमणु धरहु ॥

( ६ ) नेमिनाथरास ११ कडवां

जिणपहि लग्गिउ भावइ लीजइ जिणवरआण सो वंदीजइ ।
जं जिणआणा निरुवमु तित्थू एउ गणहरिहिं कहिउ परमत्थू ॥ ११ ॥

( ७ ) युगादिजिन चरित-कुलक २७ गाथा

इय भवभावविभावणग्गि कम्मिंधणु जालिउ
केवलनाणी जाइ मोक्खि संजमु पालिउ ।
रिसहचरिउ संथवणु रासिप्पोरोहिं जो देइ
सो सिरिजिणपहलग्गउ सग्गु अपवग्गु वि लेइ ॥ २७ ॥

( ८ ) भव्यचरित्र ४४ गाथा

जिणपहुमेल्लिउ सरणु न कोइ सुगुरु भणइ सयलु वि जीवलोइ ।

( ९ ) भवियकुडंब चरित्र ३६ गाथा. छंद चतुष्पदी. द्राविडी भाषामां गवाय छे.

चउवइबंधेण इमं भवियकुडंबस्स संतियं चरियं ।
सेत्तुजतित्थगएणं सिरिजिणपहसूरिणा रइयं ॥ ३६ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( १० ) सर्वचैत्यपरिपाटिस्वाध्याय

जिणपहसाराहि जो करइ सु लहइ सिद्धिसेसु ।

( ११ ) सुभाषित कुलक ३१ गाथा

( १२ ) श्रावकविधिप्रकरण ३२ गाथा

इय आगमविहि सावगइ पइ दिणु किरिया सारु ।
जाणिउ जिणपहि रइ करहु जिम छिन्नहु संसारु ॥ ३२ ॥

( १३ ) धम्माधम्मविचारकुलक १८ गाथा

आगमअणुसारिहिं जिणपहसूरिहिं धम्माधम्मवियारु किउ ॥ १८ ॥

( १४ ) वयरस्वामि चरित्र ६० गाथा सं. १३१६

चंदगच्छि देवभद्दसूरि दरक फुरइ जिणपहसूरि समगुणलरक
नाणि चराणि गुणि कित्ति समद्ध देउ वयरसामि चरिउ आणंदु ॥ १८ ॥
सोहग्गमहानिहिणो गुरुणो सिरिवियरसामिणो चरियं
तेरह सोलुत्तरए रइयं सुहकारणं जयउ ॥ ५९ ॥

( १५ ) नेमिनाथ जन्माभिषेक १० गाथा (१६) मुनिसुव्रत स्वामि स्तोत्र १३ गाथा ( १७ ) छप्पन्नदिशाकुमारिजन्माभिषेक १९ गाथा ( १८ ) जिन स्तुति २४ गाथा. आ उपरांत जिनप्रभनुं नाम आपेलुं नथी पण घणुं करीने जिन प्रभनांज बनावेलां केटलांक उपरनाज ताडपत्रना पुस्तकमां काव्यो छे. ( १ ) षट्पंचाशद्दिक्कुमारिका स्तवन २९ गाथा ( २ ) महावीर चरित्र २४ गाथा.

( ३ ) जंबु चरित्र २० गाथा धन्याश्री भाषामां गवाय छे सं. १२९९

बारसनवाणउए भद्दवासियपाडिवगुरि समुद्धरियं
धन्नासिभासाए भणियव्वं संघभद्दकए ॥ २० ॥

श्रीजिनप्रभुमोहराजविजयोक्ति २१ गाथा ( ५ ) जिनकल्याणक ४ कडवा ( १ ) भासरागेण ( २ ) खंभाइथीभाषया ( ३ ) देवकृतिभाषया ( ४ ) गुड कृतीभाषया.

( ६ ) सुकोशल चरित्र १८ गाथा.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तेरदुरुत्तरवरिसे सिरिवीरजिणिंदमोक्खकल्लाणे ।
कल्लाणं कुणह सया पढंतगुणंताण भव्वाण ॥ २ ॥

( ७ ) जिन स्तुति २० गाथा ( ८ ) चाचरी स्तुति ( वेलाउली रागेण ) ३६ गाथा ( ९ ) गुरुस्तुति चाचरि ( गुर्जरीरागेण ) १९ गाथा

नर्मदासुंदरी संधि. जिनप्रभ शिष्य ७१ गाथा सं. १३२८.

तेरससयअडवीसे वरिसे सिरिजिणपहुपसाएणं ।
एसा संधी विहिया जिणिंदवयणाणुसारेण ॥ ७१ ॥

गौतम स्वामि चरित्र. गौतम स्वामि–जिन प्रभना शिष्य २८ गाथा संवत् १३५८

गोयमसामिहिं गोयमचरियं रइयं पढमंजरीए भासाए
कत्तियअमावसाए अट्ठावन्नस्स वरिसस्स ॥ २८ ॥

चच्चरिउ. कर्ता सोलणु ३८ गाथा.

कर जोडि सोलणु भणइ जीविउ सफलु करेसु ।
तुम्हि अवधारह धम्मियउ चच्चरिउं गाएसु ॥ ३८ ॥

दूहा मातृका ५८ गाथा.

मंगलमहासिरिसारिसु सिवफलदायगु रम्मु ।
दुहामाइं अक्खियइ पुहविहिं जिणवरधम्मु ॥ ५८ ॥

शालिभद्रकाक ( कक्को ) कर्ता पउम ६९ गाथा.

भलि भंजणकम्मारिकुल वीरनाहु पणमेवि ।
पउमु कहइ कक्कक्खरिहिं सालिभद्दगुण केवि ॥

अंतरंग रास जिनसूरि ११ कडवां.

तारे जिय जिणसूरिहिं करि जिणधम्मु पमाउ विणासिउ ॥

चतुर्विंशति जिणकल्याणक १३ कडवां, स्थूलिभद्रचारित्र २ कडवां, जन्माभिषेक स्तुति ९ कडवां, अवंतिसुकुमार संधि ११ कडवां.

भावना संधि. शिवदेवसूरिना प्रथम शिष्य जयदेवगणिनी भावना संधिनां ६ कडवां ( ६२ पदो ) छे.

निम्मलगुणभूरिहिं सिवदिवसूरिहिं पढमु सीसु जयदेवगणि ।
क्रियभावणसंधि भावसुयंधी निसुणवि भविया धरह मणि ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



शीलसंधि जयशेखरसूरिशिष्यकृत ३४ गाथा. १५ मा शतकना उत्तरार्धमां.

इय शीलसुसंधि भावसुअंधी जयसेहरसुरिसीसकय ।

भविअउ निसुणेविणु हियइ ठवेविणु सिलधम्मि उज्जमु करहु ॥ ३४ ॥

उपदेशसंधि हेमसारकृत १९ गाथा.

उवएससंधि निरमलबंधि हेमसार इम रिसिकर ए ।

जो पढइ पढावइ सुहमणि भावइ वसुहं सिद्धिवृद्धि लइ ए ।

तपःसंधि सोमसुंदर शिष्य विशालराजसूरि शिष्यकृत ९२ गाथा. १५ मा शतकना अंतमां. प्रतीक लख्या संवत् १५०१.

सिरिसोमसुंदरगुरुपुरंदरपायपंकयहंसओ

सिरिविसालराया सूरिराया चंद्रगच्छवतंसओ ।

पय नमीय सीसिइं तासु सीसिइ एस संधी विनिम्मिआ

सिवसुक्खकारणदुहनिवारण तवउवएसिइ वम्मिआ ॥ ९२ ॥

केशीगोयम संधि ७० गाथा.

आ सिवाय महेश्वरकृत संयम मंजरी ३५ गाथा, मृगापुत्र कुलक ४० गाथा, वीरजिन पारणउ ४७ गाथा, ऋषभपंचकल्याणक १४, नवकारफल ३०, ऋषभ धवल २६, सीतासत २०, आरात्रिक न्हवणादि २० चतुर्विंशतिजिनकल्याणक ३६, लघुअजित शांति कविवीरगणिकृत ९, चतुर्विंशातिजिनप्रतिमाकोश ११, जिनचैत्यस्तवन १५ बुद्धिसूरि ( पूर्णिमा पक्षना ) स्तुति, जिनस्तुति, जिनस्तुति २० वीरविज्ञप्तिका १३, सोमसूरिकृत कल्याणकस्तोत्र, दानादिकुलक, दंगडउ, शाकुन ३०, धर्म सूरि गुण, धर्म सूरि बारमास वगेरे परचुरण ग्रंथो छे.

१२ मा तथा १३ मा शतकना प्राकृत काव्यो—देवचंद्रसूरिकृत शांतिचरित्र वर्धमानसूरिकृत ऋषभ चरित्र वगेरे—मां केटलेक ठेकाणे अपभ्रंश भाग आवे छे. रत्नप्रभाचार्यनी उपदेश मालानी दोघट्टी वृत्तिमां ऋषभसंधि प्रभृति केटलीक संधिओ छे.

खंभातना ताडपत्रना भंडारमां महावीरचरित्र वगेरे त्रणचार टुंका ग्रंथो अपभ्रंशमां छे.

अपभ्रंश साहित्य घणुं विशाळ होवुं जोइए. परंतु दुर्लक्षथी नाश पामी गयेलुं लागे छे. उपरना ग्रंथो उपरांत बृहट्टिपनिकामां सागरदत्ते सं. १०७६ मां बनावेलुं जंबु

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



स्वामि चरित्र ( २६९० ग्रंथाग्र ) तथा तेना उपर टिप्पन ( ११९० ग्रंथाग्र ) नोंधेलां छे.

समयाभावे अहींतो ग्रंथोना नाम मात्र थोडाक उतारा साथे आपेला छे. परंतु आगळ उपर समयानुकूलताए तेमां वपरायेला छंदो तथा व्याकरणना प्रयोगो विषे लखवानुं बनी शके.

**जूनी गुजराती** भाषाना संपूर्ण अभ्यास माटे पाटणना भंडारो जे जूना अने विश्वसनीय साधनो पूरां पाडे छे तेवां हिंदुस्ताननी बीजी कोइ भाषामां भाग्येज मळी शकशे. अहींयाना जूना प्रतोकोथी विक्रमना अगीयारमा शतकथी गूजराती भाषानो इतिहास यथार्थ रीते लखी शकाशे. भंडारोमांनुं गूजराती साहित्य बहुज विशाळ छे. परंतु ते समग्रनुं अहीं विवेचन करतां बहुज विस्तार थाय एवो होवाथी फक्त १३ थी १५ मा शतक सुधीना ग्रंथो तथा केटलाक बीजा अति अगत्यना ग्रंथो तपासीशुं.

**जंबुस्वामिरास**—आ रास महेंद्र सूरिना शिष्य धर्मे संवत् १२६६ मां रचेलो छे. गूजराती भाषामां अत्यार सुधी मळी आवेला रासोमां आ सौथी जूनो छे. प्रतीक कागळ उपर होवाथी जोके असलनी भाषा संपूर्ण रीते सचवायली लागती नथी, तोपण घणा प्रयोगो असल रूपमां जळवायेला छे.

आदि जिण चउविस पय नमेवि गुरु चलण नमेवि ।
जंबुस्वामिहिं तणुं चरिय भविउ निसुणेवि ॥
करि सानिध सरसत्तिदेवि जीय रयंक हाणउ
जंबु स्वामिहिं गुणगहण संखेवि वखाणउ ॥ १ ॥
जंबुदीव भरहखित्ति तिहिं नयर पहाणउ ।
राजगृह नामेण नयर पहुवि वख्खाणउ ॥
राज करइ सेणीय नरिंद नरवरहं जु सारो ।
तासु तणइ पुत्त बुद्धिमंत मंति अभय कुमारो ॥ २ ॥
अन्न दिणंतरिं वद्धमाण विहरंत पहूतउ ।
सेणीउ चालीउ वंदणइ बहुभत्ति तुरंतु ॥
मार्गि वहंतु महाराज केसउ पेखेइ ।
भोगविरत्तउ पसन्नचंद बहु तवण तवेइ ॥ ३ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अंत वीरजिणिंदह तीर्थि केवली हुउ पाछलिउ ।
प्रभवउ बइसारीउ पाटि सिद्धि पहूतु जंबुस्वामि ॥
जंबुस्वामि चरित पढइ गुणइ जे संभलइ ।
सिद्धि सुख्ख अणंत ते नर लीलाहिं पामिसिइ ॥ ४ ॥
महिंद सूरि गुरु सीस धम्म भणइ हो धामीउ ।
चिंतउ राति दिवस जे सिद्धिइ उमाहियाह ।
बारहवरसएहिं कवितु नीपनुं छासठए ॥
सोलह विज्जाएवि दुरिय पणासउ सयलसंघ ॥ ५ ॥

**रेवंतगिरिरास**—आ रास मंत्री वस्तुपालना गुरु विजयसेन सूरिए ४ कडवामां बनावरावेलो छे. संघवीना पाडाना एक ताडपत्रनी पोथीमां बीजा पुस्तको भेगुं सत्तरपानानुं एक नानुं ताड पत्र हतुं, तेमांना १२ पत्रमां आ रास तथा बाकीमां महेश्वरनी संयम मंजरी ( अपभ्रंश ) ए बे ग्रंथो छे. दस्कत बहु उतावळथी लखेला छे. जो के लख्या संवत् आपेलो नथी परंतु १४ मा शतकना आदिमां लखायलुं जणाय छे. रासनी रच्या संवत् पण आपेली नथी पण वस्तुपाले गिरनारनो संघ काढेलो ते अरसामां रचायेलो होवाथी संवत् १२८८ ना अरसामां बनावेलो हशे. आमां गिरनारनुं तथा त्यांना देवालयोना जीर्णोद्धारनुं वर्णन टुंकामां करेलुं छे.

आदि परमेसर तित्थेसरह पयपंकय पणमेवि ।
भणिसु रासु रेवंतगिरे अंबिकदिवि सुमरेवि ॥ १ ॥
गामागरपुरवणगहणसरिसरवरिसुपएसु ।
देवभूमि दिसि पच्छिमह मणहरु सोरठ देसु ॥ २ ॥
जिणु तहि मंडलमंडणउ मरगयमउडमहंतु ।
निम्मलसामलसिहरभरे रेहइ गिरि रेवंतु ॥ ३ ॥
तसु सिरि सामिउ सामलउ सोहग सुंदर सारु ।
निंबजाइ व निम्मलकुलतिलउ निवसइ नेमिकुमारु ॥ ४ ॥

( १ ) परमेश्वर तीर्थंकरना पद पंकजने प्रणमीने ( २ ) अंबिकादेवीने समरीने गिरनारनो रासभणीसुं ( ३ ) सुप्रदेश ( ४ ) पश्चिमदिशामां ( ५ ) मरकतना मुकुटथी शोभतो ( ६ ) निर्मल श्याम शिखरना भारवाळो रेवंतगिरि राजे छे

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



७
तसु मुहदंसणु दसदिसिवि देसदेसंतरु संघ ।
आवइ भावरसालमणउ हलि रंगतरंग ॥ ५ ॥
८
पोरवाडकुलमंडणउ नंदणु आसाराय
वस्तुपाल वरमंति तहिं तेजपालु दुइ भाय ॥ ६ ॥
गुरजरधरधुरिधवलवीरधवलदेवराजि
९
बिहु बंधवि अवयारियउ सूमु दूसममाझि ॥ ७ ॥
१०
नायलगच्छह मंडणउ विजयसेणउरिराउ
उवऐसिहि बिहु नरपवरे धम्मि धरिउ दिढु भाउ ॥ ८ ॥
तेजपालि गिरिनारतले तेजलपुरु नियनामि
कारिउ गढमढपवरवणु मणहरु घरि आरामि ॥ ९ ॥
तहि पुरि सोहिउ पासजिणु आसाराय विहारु ।
११
निम्मिउ नामिंह निजजणणि कुमरसरोवरु फारु ॥ १० ॥
तहि नयरह पूरवदिसी उग्रसेणगढदुग्गु ।
आदिजिणेसरपमुहीजिणमंदिरि भरिउ समग्गु ॥ ११ ॥
१२
बाहिरिगढ दाहिणदिसिहि चउरियवेहिविसालु ।
लाडुकलह हियउ रडीय नाडि पसु ठाइ करालु ॥ १२ ॥
तहि नयरह उत्तरदिसिहि सालव्वभसंभार ।
मंडण माहिमंडल सयल मंडल दस उप्भार ॥ १३ ॥
जोइउ जोइउ भवियण पेषि गिरिहि दुयारि ।
दामोदरु हरिपंचमउ सुवउ रेहइ उरि ॥ १४ ॥
१३ अगुण अंजण अंबिलीय अंबाडय अंकुलु ।

---

( ७ ) तेना मुख दर्शन वास्ते दशे दिशामांथी भावथी रसयुक्त मनवाळा संघो देश देशांतरथी हर्षना तरंगयुकत मनथी आवे छे. (८) पोरवाड कुळना मंडण (९) बे बांधवो ए दुःसम कालमां समकाल अवतार्यो ( १० ) नागेंद्रगच्छना मंडण विजयसेनसूरीश्वरना उपदेशथी नरप्रवर बन्ने भाइओ धर्ममां दृढ स्थापाया.

( ११ ) पोतानी माता कुमरदेवीना नामथी मोटुं कुमर सरोवर बंधाव्युं ( १२ ) चोरीनी वेदी ( १३ ) अहींआथी रेवंतगिरिनी वनराजीनुं वर्णन शरु थाय छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



उंबरु अंबरु आमलीय अगरु असोय महल्लु ॥ १५ ॥
करवर करपट करुणतर करबंदी करवीर ।
कुडा कडाह कयंब कड करब कदलि कंपीर ॥ १६ ॥
वेयलु वंजलु बउल वडो वेडस वरण विडंग ;
वासंती वीरिणि विरह वंसियाली चण चंग ॥ १७ ॥
सीसमि सिंबलि सिरसमि सिंधुवारि सिरखंड ।
सरल सार साहार सय सागु तिगु सिणदंड ॥ १८ ॥
पल्लवफुल्लफलुल्लसिय रेहइ ताहि वणराइ ।
ताहि उज्जिलतलि धम्मियह उल्लटु अंगि न माइ ॥ १९ ॥
बोलावी संघहतणीय कालमेघंतरपंथि ।
मेल्हविय ताहिं दिढ घणीय वस्तपाल वरमंति । प्रथमं कडवं ॥२०॥
दुविहि गुज्जरदेसे रिउरायविहंडणु
कुमरपालु भूपालु जिणसासणमंडणु
तेण संठाविउ सुरठदंड[१४] हिवो अंबओ ।
सिरे सिरिमालकुलसंभवो
पाज सुविशाल तिणि नाठिय
अंतरे धवलु पुणु परव भराविय ॥ १ ॥
धनु सुधवलह भाउ जिणि पाग पयासिय
बारविसोत्तरवरसे जसु जासि दिसि वासिय
जिम जिम चडइं ताडि कडणि गिरनारह ।
तिम तिम ऊडइं जण भवणसंसारह
जिम जिम सेउजलु[१५] अगि पालाट ए
तिम तिम कलिमलु सयलु ओहट ए ॥ २ ॥
जिम जिम वायइ वाउ तहि निझ्झरसीयलु ।
तिम तिम भवदुहदाहो तणि तुट्टइ ।
निच्चलु कोइलकलयलो मोरकेकारवो ।

(१४) सोरठ दंडाधिप (१५) सेतुजल

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सुंमए महुयरमहुरुंगुजारवो ।
पाज चडंतह सावयालोयणी[१६] ।
लाषाराम दिसि दीसए दाहिणी ॥ ३ ॥

अंत आवइ ए जे न उर्जिति घर घरइ धंधोलिया ए ।
आविही ए हीयह न जंति निफ्फलु जीविउ सासुतणउं ॥ १६ ॥
जीविउ ए सो जि परि धन्नु तासु संमच्छर निच्छणु ए ।
सो परि ए मासु परि धन्नु बलि हीजइ नहि बासर ए ॥ १७॥
जीहि जिणु उज्जिलठामि सोहगसुंदरु सामलु ए ।
दीसइ ए तिहुयणसामि नयणसलूणउं नेमिजिणु ॥ १८ ॥
नीझरणचमर ढलंति मेघाडंबर सिरि धरीइं ।
तित्थह एसउ रेवंदि सिंहासणि जयइ नेमिजिणु ॥ १९॥
रंगिहि ए रसइ जो रासु सिरिविजयसेणिसूरिनिम्मविउ ए ।
नेमिजिणु तूसइ तासु अंबिक पूरइ मणि रली ए ॥ २० ॥

( चतुर्थ कडवं )

**नेमिनाथ चतुष्पदिका**—संवत् १३५६–५८ मां लखायेला कागळना पुस्तकमां लखेली आ विनयचंद्रसूरिनी नेमिनाथ चतुष्पदिकानी ४० चोपाइ छे. उदयसिंहनी धर्मविधिवृत्तिने संवत् १२८६ मां शोधनार तथा कविशिक्षा वगेरेना रचनार महाकवि आचार्य विनयचंद्र रविप्रभना शिष्य हता; ज्यारे आ विनयचंद्र सूरि रत्नसिंहना शिष्य हता.

सोहगसुंदरु घणलायन्नु सुमरवि सामिउ सामलवन्नु ।
सखिपति राजल चडि उत्तरिय बार मास सुणि जिम बज्जरिय ॥१॥
नेमिकुमर सुमरवि गिरनारि सिद्धि राजल कन्नकुमारि ।
श्रावणि सरवणि कडुय मेहु गज्जइ विरहि रिझिज्जइ देहु ।
विज्जु झबक्कइ रक्खसि जेव नेमिहि विणु सहि सहियइ केम्व ॥ २ ॥
सखी भणइ सामिणि मन झूरि दुज्जणतणा मन वंछित पूरि
गयउ नेमि तउ विनठउ काइ अछइ अनेरा वरह सयाइ ॥ ३ ॥
बोलइ राजल तउ इह वयणु नत्थि नेमिसम वररयणु ।

( १६ ) श्रावकोनी दृष्टिए

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



धरइ ते जुगहरण सवि ताव गयणि न उग्गइ दिणयर जाव ॥ ४ ॥
भाद्रवि भरिया सर पिक्खेवि सकरुण रोवइ राजलदेवि ।
हा एकलडी मइ निरधार किम उवेषिसि करुणासार ॥ ५ ॥
अंत निम्मल केवल नाणु लहेवि सिद्धि सामिणि राजलदेवि ।
रयणसिंहसूरि पणमवि पाय बारइ मास भणिया मइ भाइ ॥ ४० ॥
नेमिकुमरु समरावि गिरनारि सिद्धि राजल कन्नकुमारि ।
विनयचंद्रसूरिकृतश्रीनेमिनाथचतुष्पदिका ।

**संवेगमातृका** १३५० ना अरसामां लखायेला ताडपत्रमां त्रुटक मळेली होवाथी कर्तानुं नाम तथा रच्या संवत् जणायला नथी. कुल गाथा ६१ छे. प्रथम भले मींडाथी मातृका शरु थाय छे.

भले भणउ जाणउ परमत्थु दुलहु चउविह संघह सत्थु ।
एउ जाणेविणु लाहउ लिअउ निय विढत्थु धणु धम्मि दिउ ।
मींडउ भणीउ किम कवि कहइ मींडाविणु संसारु जु भमइ ।
मींडातणी अज एवडी सत्ति मींडउ ध्यातां हुअइ ज मुक्ति ॥ २ ॥

**मातृकाचउपइ** पण उपरनाज ताडपत्रमांथी मळे छे. कर्तानुं नाम तथा रच्या संवत् आपेला नथी. अहींआ पण उपरनी पेठे बाराखडीना अक्षरो लइने उपदेश आप्यो छे.

त्रिभुवनसरणु समरि जगनाहु जिम फिट्टइ भवदवदुहदाहु ।
जिण अरि आठ करम निद्दलिय नमो जिन जिम भवि नावउ वलिय ।
आंचली । सवि अरिहंत नमेवि सिद्ध उवझाय साहु गुणभूरि ।
माइयं बावन अक्षर सार चउपइबंधि पठिउ सुविचार ।
भले भणेविणु भणीअउ भलउ तिहूयणमांहि सारु एतलउ ।
जिनु जिनवचनु जगह आधारु इतीउ मूकिउ अवर असारु ॥ २ ॥
मींडउ पडिउ भवनागमा जउ समकिति लीणु आतमा ।
जिनह वयणि करिजे नियु ठाहु हृदय रहवि तिहुयणनाहु ॥ ३ ॥

**कछूलीरास** कछूली ए आबुनी तळेटीमां गाम छे. आ रासमां कछूलीना आचार्योनो इतिहास छे. आ रास कोरिंटावडमां १३६३ मां रचायेलो छे अने कछूलीना आ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



चार्य उदयसिंहनी धर्मविधि वृत्तिनी संवत् १४१८ मां कछूली पासे लखायेली लूगडा उपरनी प्रतना प्रांते लखेलो छे.

गणवइ जो जिम दुरीउविहंडणु रोलनिवारणु तिहुयणमंडणू पणमवि सामीउ पासजिणु ।
सिरिभद्देसरसूरिहिं वंसो बीजीसाहह वंनिसु रासो धम्मिय रोल निवारिउ ॥
सग्गषंडउ जिम महीयालि जाणउं अठारसउ देसु वखाणउ गोउलि धन्नि रमाउलउ ।
अनलकुंडसंभम परमार राजु करइं तहिं छे सविवार ।
आबूगिरिवरु तहिं पवरो विमलडवसही आदिजिणंदो ॥
अचलेसरु सिरिमासिरिवंदो तसु तलि नयरीय वन्नीयए ।
जणमणनयणह कम्मणमूली कछूली किरिलंकविलासी सरप्रवाचि मणोहरीय ॥
तम्हि नयरीय तम्हि नयरीय वसइ बहु लोय ।
चिंतामणि जिम दुच्छीयहं दीइं दानु सविवेय हरिसीय ।
सच्चइ सीलि ववहरइ कूडकपटु नवि तेय जाणइं ।
गलीउं जलु वाडी पीइ धम्मकम्मि अणुरत्त ।
एकजीह किम वन्नीइ कछूली सुपवित्त ॥ वस्तु ॥
अंत जिणसासणि नहचंदु सुहगुरु भवीयहं कलपतरो ।
तां जगि जयवंत उम्हाउ जां जगि ऊगइ सहसकरो ।
तेरत्रिसठइ रासु कोरिंटावडि निम्मिउ ।
जिणहरि दिंत सुणंत मणवंछिय सवि पूरवउ ॥

**थूलिभद्रफागु** स्थूलिभद्रनो आ फाग खरतरगच्छना आचार्य जिनपद्मसूरिए चैत्र मासमां रंगथी रमवा अने गावा बनावेलो छे. जिनपद्मसूरि विक्रमनी १४ मी सदीना अंतमां थया हता.

**आदि**—पणमिय पास जिणंदपय अनु सरसइ समरेवी
थूलिभद्दमुणिवइ भणिसु फागुबंधु गुण केवी ॥ १ ॥
अह सोहगसुंदररूववंतु गुणमणिभंडारो ।
कंचण जिम झलकंतकंति संजमसिरिहारो ॥
थूलिभद्दमुणीराउ जाम महियली बोहंतउ ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



नयरराय पाडलियमांहि पहूतउ विहरंतउ ॥

अंत—नंदउ सो सिरिथूलिभद्द जो जुगह पहाणो ।
मुणियउ जीणि जगि मल्ल सल्लरइ वल्लहमाणो ।
खरतरगच्छि जिणपद्मसूरिकियफागु रमेवउ ।
खेला नाचइ चैत्रमासि रंगिहि गावेवउ ॥ २७ ॥

**गौतमरास** विजयभद्र ( सं. १४१२ ) आ रास छपायेलो छे पण विकृत भाषामां. अहींआं एनी आशरे विक्रमना १९ मा शतकना उत्तरार्धमां लखायेली कागळनी प्रत उपरथी मूळ भाषाना नमुना तरीके थोडो भाग उतारेलो छे.

वीरजिणेसरचरणकमलकमलाकयवासो ।
पणमवि पभणिसु सामिसालगोयमगुरुरासो ।
मणुतणुचरणु एकंतु करावि निसुणउ भो भवियां
जिम निवसइ तुम्ह देहिगेहि गुणगण गहगहियां ॥ १ ॥
जंबुदीवि सिरिभरहखेत्रि खोणीतलमंडणु
मगधदेश श्रेणीयनरेसु रिउदलबलखंडणु ।
धणवर गुव्वर नाम गामु जहि गुणगणसज्जा
विप्पु वसइ वसुभूइ तत्थ जसु पुहवी भज्जा ॥ २ ॥
ताण पुत्तु सिरि इंदभूइ भूवलयपसिद्धउ
चउदहविद्याविविहरूवनारीरसि विद्धउ ।
विनयविवेकी विचारसार गुणगणह मनोहरु
सातहाथसुप्रमाणदेह रूपिहि रंभावरु ॥ ३ ॥
नयणवयणकरचरणि जिण वि पंकज जालि पाडिय
तेजिहि ताराचंदसूर आकासि भमाडीय ।
रूविहि मयणु अनंग करवि मेल्हिउ निद्दाडिय ।
धीरिम मेरु गंभीरि सिन्धु चंगिम चय चाडिय ॥ ४ ॥
पिक्खवि निरुवम रूव जस्स जण जंपइ कंचिय ।
एकाकी कालि भीत इत्थ गुण मेल्हया संचिय ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अहवा निश्चइ पुव्वजम्मि जिणवरु इणि वंदीय ।
रंभा पउमा गउरि गंग रति अति आणंदिय ॥ ५ ॥

कमलावती रासना कर्ता विजयभद्र आ के बीजा ते नक्की थइ शके एवुं नथी. प्रतीकनी भाषा १७ मा शतकनी छे.

**ज्ञानपंचमी चोपाइ.** श्रुतपंचमीना माहात्म्य उपर भविष्यदत्तनी कथानुं वर्णन आ चोपाइमां करेलुं छे. धनपालनी पंचमी कहा ( अपभ्रंश ) अने महेश्वरसूरिनी पंचमी कहा ( प्राकृत ) नो विषय आज छे. आ चोपाइ मगध देशमां विहार करतां जिन उदयगुरुना शिष्य अने ठक्कर माल्हेना पुत्र विद्धणुए संवत् १४२३ मां रचेली छे. प्रतीकमां मूळ भाषा सारी सचवाएली छे.

आदि जिणवरसासणि आछई सारु जासु न लब्भइ अंत अपारु ।
पढहु गुणहु पूजहु निसुनेहु सियपंचमीफलु कहियउ एहु ॥
सियपंचमीफलु जाणइ लोइ जो नरु करइ सो दुहिउ न होइ ।
संजम मन धरि जो नरु करइ सो नरु निश्चइ दुत्तरु तरइ ॥ २ ॥
ऑंकारजिणइ चउवीस सारदसामिनी करउ जगीस ।
वाहग हंस चडी कर वीण सो जिणसासणि अच्छइ लीण ॥ ३ ॥
अठदलकमलउपनी नारि जेणि पयासिय वेदइ चारि ।
ससिहरबिंबु अमियरसु फुरइ नमस्कार तसु विद्धणु करइ ॥ ४ ॥
चिंतासायर जवि नरु परइ घरधंधलालि सयलइ वीसरइ ।
कोहु मानु माया मोहु जर झंपे परियउ संदेहु ॥ ५ ॥
दानु न दिन्नउ मुनिवरजोगु ना तपु तपिउ न भोगेउ भोगु ।
सावयघरहि लियउ अवतारु अनुदिनु मनि चिंतहु नवकारु ॥ ६ ॥
तिन्नि रयणि जो झाणहं गइ तिसु जिउन रयण कवहु जाई ॥ ७॥
भवियह मुनिवर कईउ सुनहु सियपंचमिफलु कहियउ एहु ।
चउदहसइ तेइसा सार मंडल मगध नयरविहार ॥ ८ ॥
कियउ कवितु हरिषे आपने बहुफलु होइ पंचमी सुने
कन्नु देइ करि निसुनेहु लोइ जंबुदीप पसिद्धउ सोइ ॥ ९ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अंत ठक्कर माल्हेपुतु विद्धणू पभणइ सुद्धमणी हरखिहिं लागउ चीतु
चउदहसइ तेवीसमए ।
सिय भायवइग्यासि गुरुवासरि इहु उपनउ नयरविहारमझारि
पंचमिफलु इम्व गाइयउ ॥ ४६ ॥
नंदउ चउविह संघु नंदउ सिरिजिणउदयगुरो
जिम्व तारायणं चंदु जिम्व जलनिहीं गुरुगिरिपवरो ।
इह सियपंचमी तेमि चिरु णंदउ संसारमहि
ते नर सिवपुरि जाहिं पढहिं गुणहिं जे संभलइं ॥ ५४८ ॥

**चिहुंगतिनी वेल**—चिहुंगतिनी वेलनो कर्ता वास्तिग छे. रच्या संवत् आपेली नथी पण प्रतकि सं. १४६२ मां लखायेलो छे.

आदि सेत्तुंज वंदिअ तीरथराउ गुरुया गणहर करउ पसाउ
वागवाणि हउं समरउं देवि चिंहुगातिगमण कहू संखेवी ॥ ४ ॥
चिंहु गतिमांहि काइ नच्छी सार दीसइ दुरकतणुं भंडार
चिंहू गतितणुं तीहां नहीं कोइ गंमु जिहि चित्ति एक वसइ जिणधम्मु
अंत रामतिनी छइ मू घणी टेव गुरुयॉ संधनी नितु करु सेव
अज्ञान पणइ आसातन कीध वास्तिग लागइ श्रीसंघपाय ॥ ५ ॥

आ चिहुगतिनुं वेलनुं बीजुं नाम चतुर्गति चतुष्पादी छे. बीजी प्रतमां प्रथम लीटी नीचे प्रमाणे छे.

शेत्रुंज वंदिय तीरथराउ प्रभरत्ना गुरु करुं पसाउ

आ उपरथी कर्ताना गुरुनुं नाम प्रभरत्न अथवा रत्नप्रभ हशे पण विशेष हकीकत नही आपेली होवाथी ते क्यारे थया ते कही शकाय नही.

**त्रिभुवनदीपक प्रबंध**—जयशेखर सूरिना त्रिभुवन दीपक प्रबंध उर्फे परमहंस प्रबंधमां जूदा जूदा छंदो–वस्तु, दुहा, चुपइ, बोली, द्रुपद, ढाल,धउल वगेरे–वापरेला छे जयशेखर सूरि सं. १४६० ना अरसामां विद्यमान हता.

आदि (धुरि दुहा रागु धनासी)ए पहिलउ परमेश्वरु नमी अविकतु अविचल चित्ति

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



समरिसुं समरस झीलती हंसासणि सरसत्ति ॥ १ ॥
मानसि सरि जां निम्मलइ करइ कतूहलु हंसु
तां सरसति रागइ रहइ जोगी जाणइ डंसु ॥ २ ॥
वाणी पाणि सामिणी मन सरसती संभारी
दीसइ दुयणदुयंगमी भांडे भुयण दुयारि ॥ ३ ॥
हिव वस्तु नाभि मंडल २ मूलि जे कंदु तिणि सुत्ति जगाविय।
मूलपवणुं जुत्तिहिं निरुंधिय।
तउ चाल्लिय पवणचालि अवहमाग्गि ससिपाणलुद्धिय।
पेखी देवी सरिस मइं दिठ्ठी दसम दुयारि।
कारिसिउं कवित सोहामणुं तेह सरसति आधारि ॥ ४ ॥

जयशेखर सूरि एक प्रख्यात ग्रंथकार हता अने तेमनो रचेलो आ प्रबंध मनोहर होय तेमां नवाइ नथी. प्रबंधनी त्रण प्रतो पाटणमां छे. परंतु जे प्रतीकमांथी उपरनुं उतारवामां आवेलुं छे ते वधारे जुनो होइ मूळ भाषा सारी जळवायेली छे.

**विद्याविलास रास**—पीपलगच्छना वीरप्रभ सूरिना शिष्य हीराणंद सूरिए आ विद्याविलास नरेंद्रनो पवाडो सं. १४८६ मां रचेलो छे.

पहिलउं प्रणमिय पढमजिणेसर सित्तुंनय अवतार।
हत्थिणाउरि श्रीशांतिजिणेसर उजनालि नेमिकुमार ॥ १ ॥
जीराउल्लि श्री पासजिणेसर साचउरि वर्धमान।
कासमीरपुरि सरसती साभिणि दिउ मझ नितू वरदान ॥ २ ॥
पीपलगाच्छिहि गिरुआ गणहर सिरिवीरप्पह सूरि।
नामिइ लीधइ जास तणइ सवि पाप पणासइ दूरि ॥ ३ ॥
तासतणा पय पण माय बोलिसुं विद्याविलासह चरिय।
भणइ हीराणंद भविया निसुणइ हीयडइ हरख धरीय ॥
विद्याविलास नारिंदपवाडउ हियडाभीतरि जाणी।
अंतराय विणु करउ तुम्हि भाव घणेरउ आणि ॥ ९ ॥

आ रासुमां वस्तु द्रुपद, दुहा, चोपइ, देशाख, वसंत, धन्याश्री, आंचली, आंकणी वगेरे छंदो तथा रागो वापरेला छे प्रतीक बहु जूनो नथी.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**दशार्णभद्ररास**- हीराणंदसूरिकृत दशार्णभद्ररास बहुज टुंको छे पिप्पलगच्छना हीराणंद सूरिनो विद्याविलास पवाडो सं. १४८६ मां रचायेलो छे.

वीरजिणेसर पय नमीए समरीय समरीय सरसति देवि कि
दशनभद्रगुण गाइसिउं ए हियडल्लइ
हियडल्लइ हरष धरेवि कि रजिणेसर पय नमीए ॥ १ ॥

त्रुटक पय नमीय वीरह दशनभद्रह चरिय रचिसुं सोहामणूं
जंबुदीविहि भरहखंडहि दशनपुरु रळियामणूं
दशनभद्र तिहां राज पालइ इंदनामालि जाणीए
दशनगिरिवनि वीर पुहुता समवसरण वखाणीए ॥ २ ॥

अंत इणिपिरि जिणवर गुण थुणए नासए कसमल पूरि कि ।
बोलइ बोलइ हीराणंद सूरि कि इणिपरि जिणवर वांदतां ए ।

**नेमिनाथफाग**---धनदेव गणिनो आ संस्कृत प्राकृत तथा गुजराती एम त्रण भाषामय सुरंगाभिधान नेमिफाग संवत् १५०२ मां रचायेलो लागे छे.

नत्वानंतगुणात्मकं सुरनतं संसारनिस्तारकम्
विश्वानंदविधायकं जिनपतिं श्रीआदिदेवं प्रभुम् ।
स्तुत्वा श्री सुतदेवतां जननतां निःशेषजाडयापहाम्
श्रीनेमेरतुलं करोमि सफागं फागं सुरंगाभिधम् ।
प्राकृत काव्य । देवी देवि नवी कवीश्वरतणी वाणी अमसिारणी
विद्यासायरतारणी मल घणी हंसासणी सामिणी ।
चंदा दीपति जीपति सरसति मइ वीनवी वीनती
बोलुं नेमिकुमार केलिनी रति फागिइं करी रंजती ।
सरसति मुझ मति देवीअ देवीअ तुं जागि साररे ।
नीलकमलदलसामल जिनवर वरणवुं नेमिकुमाररे ॥ ३ ॥
कामित फलदातार सामी नेमिकुमार
हारमनोहरु ए मुगति रमाणिवरुए ॥ ५ ॥

अंत फाग--ज्ञान उपनुं जाणीय राणीय राइमइ रंगी

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गिरिसिरि सामीय निरखीय हरखीय सा निजअंगि ॥ १ ॥
सामी केवल कामिनी करि धरी राजीमती नादरी
सा सारी निजकाज राजकुमरी मुगतिइ गइ सा वरी ।
जे रेवइगिरिरायऊपरि गमइ श्रीनेमिपाये नमइ
ते पामइ सुखसिद्धिरिद्धिहि रमइ श्री शाश्वती भोगवइ ॥ ३ ॥

इति श्रीसुरंगाभिधो नेमिफागः संपूर्णः संवत् १५०२ वर्षे कृतो धनदेवगणिना

**वस्तुपाल तेजपाल रास**—आ रासना कर्तानुं नाम जणावेलुं नथी. बहुज नानो होवाथी तेमां वस्तुपालना फक्त धर्मकृत्योनुं टुंक वर्णन करेलुं छे. रास जूनो होवाथी तेमां वस्तुपाल अने तेजपालना वास्तिग अने तेजिग एवां नामो आपेलां छे जे तेमना खरां लौकिक प्रचारना नाम होवां जोइए. चिहुंगतिनी वेलना कर्तानुं नाम पण वास्तिग छे.

आदि वीर जिणेसर नमीय पाय अनइ गोयमसामी
सरसातितणइ पसाउलइ ए कहिसिउ सिरनामी ॥ १ ॥
वस्तुपालतेजिगतणउ अम्हे बोलिस रासो
भरतषेत्र धूरि गुजरात अनाहिलपुर वासो ॥ २ ॥
अणाहिलवाडउ नयर जाणि पुहुविपरसिद्धउ ।
गढमढमंदिरपोलिवावि सरवरइ समिद्धउ ॥

**श्रेणिकरास**—आ रासना कर्ता जणायला नथी. पण १५ शतकमां रचायेलो होवो जोइए. प्रतीक संवत् १५२६ नो छे.

आदि सोहोवा सिरिविरजिणपयपंकय पणमेवि
श्रेणीउभयकुमार चरितु हउ संखेवि भणेसुं ॥ १ ॥
श्रेणीउभयकुमारचरी सरसतिविणु न कहाइ
पणमइ वीटिउ वाउलओ वाणी संघपसाइ ॥ २ ॥

**मंगळकलस चोपाइ**—आ रासना कर्ता सर्वानंद सूरि कीया गच्छना हता अने तेमणे आ रास क्यारे रच्यो ते जणातु नथी. एक सर्वानंद सूरिए सं. १३०२ मां चंद्रप्रभ चारित्र रचेलुं छे जा चोपाइमां वसंत सामेरी द्रुपद वगेरे रागो वापरेला छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सयल मंगल सयलमंगलमूलु मुणिनाह
आबुगिरि आदिजिणु पायपउम पणमेवि भाविणु
कछोलीमुखमंडणु पासनाहु उरवरि धरेविणु ॥
वागुवाणि सुभवयण ले अवतरी अक्षरमाल
मंगलकलसुचरित्त हिव भणसिउ रलिअ रसाल ॥ १ ॥
( दूहा ) रलिअ रसाल निसुणतां मंगलकलसचरित्त
भविआं भाविइ संभलु करीउ सुनिचल चित्तु ॥ २ ॥
निश्चलचित्तपसाउलइ विघन विलीजइ दूरि ।
सुललित वाणी इम भणइ श्री सर्वानंद सूरि ॥ ३ ॥

**पेथडरास.** विक्रमना १३ शतकमां थयेला पोरवाड वंशना पेथडशाहना सुकृतो आ कर्तांना नाम वगरना रासमां संक्षेपमां वर्णवेला छे. रास १५ शतकना आदिमां रचाएलो लागे छे. पेथडना विशेष वर्णन माटे सुकृतसागर काव्य जुओ.

आदि विनयि वयणि वीनवउ देवि सामिणि वागेसरि ।
हंसगमणि आकाशभमणि तिहुयणि परमेसरि ।
वीरजिणंदह नमीय चलण चउविहु श्रीसंघिहिं ।
कवाडिजख जखाधिराज समरीय मनरंगिहि ॥ १ ॥
कोडीय नयरनिवासिणीय वंदउ अंबिकदेवि ।
शासनदेवति मन धरीय गुरुचलण नमेवि ॥ २ ॥
रास रमेवउ जिणभवणि तालमेल ठवि पाउ
संघ तलायन रोपीउ ए सभगिरिविभगिरि बेवि ॥ ३ ॥

**संघपति समरसिंहरास**ना कर्ता नागेंद्रगच्छना पासडसूरिना शिष्य अंबदेव छे. संघपति समरसिंह उर्फे समराए केटलांक स्तवनो बनावेलां छे. संवत् १३७१ मां तेणे शत्रुंजय उपर ऋषभदेवनी मूर्ति बेसाडी हती. आ रास पण ते अरसामां रचायेलो छे; अने तेमां समराना विविध कृत्यो विस्तारेलां छे. समरसिंह ओसवाळ हतो अने तेना उपर अलपखानना महेरबानी हती.

आदि पहिलउ प्रणमिउ देव आदिसरु सेत्तुजसिहरे ।
अनु अरिहंत सव्वेवि आराहउ बहुभत्तिभरे ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तउ सरसति सुमरेवि सारससिहरनिम्मलीय ।
जसु पयकमलपसाय मुरुखु माणइ मन रलीय ॥ २ ॥
संघपतिदेसलपुत्तु भणिसु चरिउ समरातणउ ए ।
धम्मियरोलुनिवारि निसुणउ श्रवणि सुहावणउ ए ॥ ३ ॥

अंत पासडसूरिहिं गणहरह नेउअगच्छनिवासो
तसु सीसिहिं अंबदेवसूरिहिं रचियउ एहु समरारासो ॥
एहु रासु जो पढइ गुणइ नाचिउ जिणहरि देइ ।
श्रवणि सुणइ सो बयठउ ए तीरथजात्रफलु लेइ ॥

**सुदयवत्सवीरचरित्र** सदेवंत सावलिंगानी लोककथानुं आ जूनुं काव्य छे. कर्ता जैनेतर भीम छे. तेना विशे कंइ विशेष जणातुं नथी. प्राकृत तथा जूनी गूजरातीमां रचायेला आ काव्यमां ६७२ गाथाओ छे. ग्रंथाग्र १०११ छे. कविए पावडी, छप्पय, वस्तु, दोहा, चउपइ वगेरे छंदो वापरेला छे. प्रबंध सोलमा शतकना आरंभे बनावेलो लागे छे.

माइमहामाइमज्झे बावनवन्नस्स जो सारो ।
सो बिन्दु ओंकारो ओंकारेण नमोक्कारो ॥ १ ॥
जिणइ रचीय निगमआगमपुराणसरअक्खराण वित्थारो ।
सा ब्रह्माणी वाणी पय पणमवि सुपय मग्गेसु ॥ २ ॥
गजवयण गवरिनंदण सेवयसुहकरण असुहअवहरणो ।
बहुबुद्धिसिद्धिदायक गणनायक पढम पणमेसु ॥ ३ ॥
गुरु लहु अ जि केवि कवियण सरससुअत्था सुछंदबंधयरा ।
ए कंठठाणि सव्वे करजुअलं जोडि पणिमामि ॥ ४ ॥
सिंगारहासकरुणा रुद्दो वीरो भयान वीभत्थो ।
अद्भुतशंत नवइ रसि जसु जंपिसु सुदयवच्छस्स ॥ ५ ॥
छप्पय मालवदेसमज्झारि नयर ऊजेणी अणोपम
पहु पहुवच्छ नरिंद नारि बहुलाच्छि लच्छिसम
तिह सुय सुदयकुमार सबल सामलिभत्तारह ।
साहसि जसि पवराति प्रसिद्ध जागि जयत जूआरह
खित्ततणी खित्तिय सोह कर रायरीति वीर जि विशुद्ध
इम भणिइ भीम तुअ गुण थुणिसु जोइ रासि धीवर लब्ध ॥ ६ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



उज्जेणि अवणिमज्झे नयरी नयरसयलसिंगारो ।
तिणि पहू पहुवच्छो पत्थंतय पूरए अत्थ ॥ ७ ॥
विप्पवयणि राउ रंजिउ पुच्छइ वलि अविगात्ति ।
कवण कलागुण तूंअतणइ कवण तुझ्झ कुलपित्ति ॥ १४ ॥

(वस्तु) विप्प जंपइ विप्प जंपइ निसुणि नरनाह
जयवंती ज्योतिषकला कुलकम्मि अम्ह अछइ अंगइ ।
वत्तारउ संवच्छरह नष्टजन्म नवि चित्ति लग्गइ ।
जं सुरपुरि जं नरभुवणि जं जं हूइ पाआलि ।
नरवर निजमंदिरथिकू तं जाणूं तिणि कालि ॥ १९ ॥

आ शिवाय जैनोए पण आ कथा कवितामां रची छे. संस्कृतमां रत्नशेखरना शिष्य हर्षवर्धन गणिए सद्यवत्स कथा गद्यमां रचेली छे.

**सागरदत्तरास** दानमहात्म्य उपर रचायेला आ १३७ गाथाना रासना कर्त्ता संडेरगच्छना आमदेवसूरिना शिष्य शांतिसूरि छे. प्राकृत, अपभ्रंश तथा गूजरातीमां रचायेलो आ रास खरेखर रसमय होइ तेमां गाथा, रासउ, कुंडलिओ, घात (घत्ता), अडयल, मालिनीरूपक, छप्पय, पाघडी ( पद्धडिका ) रासाबंध वगेरे विविध छंदो वापरेला छे.

छंदतरकल्लोलं वन्नजलं संतिसूरिणा महियं ।
सायरचरिअं सायरसरिसं सरसं निसामेह ॥

कर्त्ताना शिष्य ईश्वरसूरिए सं. १५६१ मां ललितांग चरित्र नामनो तेवीज रास बनावेलो छे. सागरदत्त रासमांथी थोडो भाग नीचे उतारेलो छे.

तहिं राजु करइ राजा जयंतु राणीजयमालातणु कंतु ।
वयरियविसविसहरपंखिराउ वयरियपंत्राणणअठ्ठवाउ ॥ ७ ॥
वयरियमयमयंगलगंधहत्थि वयरियसायरसोसणअगत्थि ।
अलवेसरु दाने सुजाणु महिमंडले ऊगिउ अवर भाणु ॥ ८ ॥

अडिल्ल गंभिरुमगुणनिजियसायरु नियवाणत्तपवित्तदिसायरु ।
दुत्थियलोयसफलआसायरु सत्थवाहु तहिं निवसइ सायरु ॥ ९ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



माळिनीरूपक । नवनेहनिहाणसमुल्लसियं हसियं तिहतिकूखरुडक्ष्वियखणयंतणयं ।
सिंगाररसालतरं अहसं अइरेहइ माणिणिजुव्वणयं तणयं ॥ ११ ॥

छप्पय ससिवयणीसहयारुबाहु साखोवम भासइ ।
विउलु नियंबह बिंबु थेरु थुडु थाण पयासइ ।
अंगुलिअसाहंतरइ नयणवरपत्त लहकउ ।
नहफुल्लिहिं फुल्लियउ अहरमंजरी महकउ ।
घणपणिरओहरअंबहल बेहु लसुरवरइ रसभरिय ।
दिट्ठइ मणु कस्स न उल्हसइ पइ वसंतसंपइ वरिय ॥ १२ ॥

**ललितांग चरित्र** सागरदत्तरासना कर्त्ता शांतिशूरिना शिष्य ईश्वरसूरिए मंडपदुर्गना पादशाह ग्यासुदीनना पुत्र नासीरना समयमां (इ. स. १४९८–१५१२) मलिक माफरना पट्टे थएला सोनाराय जीवनना पुत्र मंत्रिपुंजनी प्रार्थनाथी सं. १५६१ मां विविध छंदोमां रचेलुं छे. सागरदत्त रासनी पेठे आ पण प्राकृत, अपभ्रंश तथा गूजरातीमां छे. काव्यमां वापरेला छंदोनां नाम छेवटे आपेला छे.

सालंकारसमत्थं सच्छंदं सरसगुगुणसंजुत्तं ।
ललियंगकुमरचरियं ललणाललियव्व निसुणेह ॥

आम कविए पोताना काव्यनुं वर्णन करीने तेने ललनाललितनी साथे सरखाव्युं छे. सागरदत्त रास अने प्रस्तुत चरित्र खरेखर उच्चप्रतिना काव्यो होइ संस्कृत तथा प्राकृत काव्योनी साथे सरखामणीमां सारी रीते उभा रही शके तेवा छे.

महिमहति मालवदेश घणकणयलच्छिनिवेस ।
तिहं नयर मंडवदुग्ग आहिनवउ जाण कि सग्ग ॥ ६७ ॥
तिहं अतुलबल गुणवंत श्रीग्यासुसुत जयवंत ।
समरथ साहसधीर श्रीपातसाह निसीर ॥ ६८ ॥
तसु रज्जि सकलप्रधान गुरुरूवरयणनिधान ।
हिंदुआ रायवजीर श्रीपुंज मयणह वीर ॥ ६९ ॥
सिरिमालवंशवयंस मानिनीमानसहंस ।
सोनारायजीवनपुत्त बहुपुत्तपरिवारजुत्त ॥ ७० ॥
श्रीमलिकमाफरपट्टि हयगयसुहडबहुचट्टि ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



श्रीपुंज पुंज नरिंद बहुकनित केलिसुछंद ॥ ७१ ॥
नवरसविलासउल्लोल नवगाहगेयकल्लोल ।
नियबुद्धि बहुअ विनाणि गुरुधम्मफल बहु जाणि ॥ ७२ ॥
इय पुण्यचरियप्रबंध ललिअंगनृपसंबंध ।
पहुपासचरियह चित्त उद्धरिय एह चरित्र । कुळकं ॥ ७३ ॥
दशपुरह नयरमझारि श्रीसंघतणइ आधारि ।
श्रीशांतिसूरिसुपसाइ दुहदुरीय दूर पलाइ ॥ ७४ ॥
जं किमवि अलियमसार गुरुलहुअवर्णविचार ।
कवि कविउ ईश्वरसूरि तं खमउ बहुगुण सूरि ॥ ७५ ॥
ससिरसु ( ६१ ) विक्रमकाल ए चरीय रचिउ रसाल ।
जां ध्रुअ रवि ससि मेर तां जउ गच्छ संडेर ॥ ७६ ॥
वाचंत वीरचरित्त विच्छरउ जगि जयकित्ति ।
तसु मणुअभव धन्न धन्न श्री पासनाह प्रसन्न ॥ ७७ ॥

इति श्रीललितांगनरेश्वरचरित्रं समाप्तं । तस्मिन्समाप्ते समाप्तोयं रासकचूडामणि पुण्यप्रबंधःतथात्र रासके श्रीललितांगचरित्रे प्रथमं गाथा १ दुहा २ रासाटक ३ षट्पद ४ कुंडलिया ५ रसाउला ६ वस्तु ७ इंद्रवज्रोपेंद्रवज्राकाव्य ८ अडिल्ल ९ मडिल्ल १० काव्यार्धबोली ११ अडिल्लार्धबोली १२ सूडबोली १३ वर्णनबोली १४ यमकबोली १५ छप्पय १६ सोरठी । संवत् १५६१ वर्षे.

**नंदबत्रीशी चतुष्पदी**—तपगच्छना न्यानशीलना शिष्य संघकुले नंदबत्रीसी १५२ चोपइओमां संवत् १५१० ( ? ) मां रचेली छे.

तपगच्छनायक एह मुणिद जय श्रीहेमविमलसूरिंद
न्यानशील पंडित सुविचार ससि कहीं चूपइ उदार ॥ ५० ॥
संवत पनर सादा मझारि चैत्रहि सुदि तेरसमझारि
जे नर विदुर विशेषइ सुणइ मुनिवर संघकुल इम भणइ ॥ ५१ ॥

**बिहलणपंचाशिकाकाव्य चोपाइ**—आ काव्य गुजरातमां मळती बिह्लण पंचाशिका ( पूर्वार्ध अने उत्तरार्ध ) नो दूहा चोपइमां अनुवाद छे. आ चोपइनो कर्ता पण छेवटना भाग उपरथी बिहलण नामनो कोइ पंडित लागे छे. रच्या संवत् आपेली नथी

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पण पाटणना प्रतीकनो लख्या संवत् १६५५ होइ प्रतीकनी भाषा जोतां तेथी पूर्वे १६ मां शतकना आ ग्रंथ रचायेलो लागे छे.

मकरध्वज महिपति वर्णवु जेहतुं रूप अवनी अभिनवु ।
कुसुमबाण करी कुंजरी चडइ जास प्रयाणि धरा धडहडइ ॥ १ ॥
कोदंड कामिनीतणुं टंकार आगलि आलि झाझा झंकार ।
पाखालि कोइलि कलरव करइ निर्मल छत्र श्वेत शिर धरइ ॥ २ ॥
त्रिभुवनमांहि पडावइ साद छइ को सुर नर मांडइ वाद ।
अबला सैनि सबळ परवरियुं हींडे मन्मथ मच्छरि भरिउं ॥ ३ ॥
माधव मास सोहइ सामंत जासतणइ जलनिधि सुतमंत ।
दूतपणुं मलयानिल करइ सुरनरपन्नग आणा वरइ ॥ ४ ॥
तासतणा पय हुं अनुसरी सरसति सामिणि हयडइ धरी ।
पहिलुं कंदर्प करी प्रणाम गिरुउ ग्रंथ रचिसि अभिराम ॥ ५ ॥

५६ श्लोकमां बिहलण तथा शशिकलानो वृत्तांत आपेलो छे. ५७ मीथी पंचाशिकाना अर्थ शरु थाय छे.

( अद्यापि तां कनकचंपकदामगौरीं )

आज अम्हारइ मनि मानिनी चिंतु चंपकसोवनवनी ।
गौरिदामसरिखी सार मुख अंबुज विकसित आकार ॥ ५७ ॥
नाहना रोम न आवइ नयणि सुती उठी मातावयणी ।
संभारइ विद्या वीसरी तिम हुं समरु ए सुंदरी ॥ ५८ ॥

अंत भणइ बिहलण मम वाणि एह ज्ञान तणइ रसि रातउ तेह ।
इति कविचक्रचूडामणिश्रीबिल्हणपंडितविराचितबिल्हण पंचाशिकाकाव्यचोपइ संपूर्ण ।

संवत् १६५५ मा लखेली पाटणना भंडारनी प्रतमां २०५ चोपाइ छे ज्यारे सं. १७३३ मां लखायेली बीजी ब्राह्मणनी प्रतमां २०९ चोपाइ छे. अने पछी शशिकलाना विरहप्रलापनुं तथा तेणीना बिहलण साथे परिणयनुं १२३ चोपाइमां वृत्तांत छे.

**कर्पूरमंजरीचउपइ**—सिद्धराजना रुद्रमालनी कर्पूरमंजरी नामनी पूतळीनी

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मूळ कर्पूरमंजरीना प्रेमनी वात छे. मतिसारे ( जैनेतरे ) सं. १६०१ मां २०४ चउपइ मां आ कथा रचेली छे.

प्रथम गुणपति वीनवुं गिवरिपुत्र उदार ।
लक्ष लाभ जे पुरवइ देवि सवि हुं प्रतिहार ॥ १ ॥
सेवंत्री जस मुगट भर सिंदुरि सोहइ शरीर ।
सिद्धिबुद्धिनुं भरतार जे बुद्धिदाता वडवीर ॥ २ ॥
कास्मीरपुरनिवासिनी सरसति समरु मात ।
जेह तणइ सुपसाउलइ बुद्धि पामि कविराय ॥ ३ ॥
ते सावि हुं आग्रस लही मंडिस कथा रसाल ।
रुद्रमालइ जे पूतली कर्पूरमंजरी सुविसाल ॥ ५ ॥

अंत कर्पूरमंजरी कथा अभिनवी संवत् सोलपंचोत्तरी कवी ।
चैत्रवदि अग्यारमि गुरुवार बोलइ कवि पंडित मतिसार ॥ ६ ॥

**गूजरातीगद्यना** नमूना पण भंडारोमांथी घणा मळी आवे छे. ६५० वर्ष पहेलां आपणी भाषानुं गद्य केवुं हतुं ते ताडपत्रना पुस्तकोमांथी बराबर जणाइ आवे छे. १६ मा तथा १७ मा शतकना गद्यना नमूना तो घणा छे. परंतु ते पहेलाना क्वचित होवाथी अहींआ तेवा केटलाक बतावेला छे.

संवत् १३३० मां लखायेला ताडपत्रमां आलोयणाना गुजराती अर्थ आपेला छे तेमांथी थोडुंक नीचे उतारेलुं छे.

पंचपरमेष्ठिनमस्कारु जिनशासनि सारु चतुर्दशपूर्वसमुद्धारु संपादितसकलकल्याणसंभारु विहितदुरितापहारु क्षुद्रोपद्रवपर्वतवज्रप्रहारु लीलादलितसंसारु सु तुम्हि अनुसरहु। जिणि कारणि चतुर्दशपूर्वधर चतुर्दशपूर्वसंबंधिउ ध्यानुं परित्यजिउ पंचपरमेष्ठि-नमस्कारु स्मरहु तउ तुम्हि विशेषि स्मरेवउ अनइ परमेश्वरि तीर्थकरदेवि इसउ अर्थ भणियउ अछइ अनइं संसार तणउ प्रतिभउ म करिसउ अनइ ऋद्धि नमस्कारु इह लोकि संपादियइ।

संवत् १३३० वर्षे आश्विनसुदि ५ गुरावद्येह आशापल्ल्याम्
तेटलाज अरसामां लखायेला ताडपत्रमां अतिचारना अर्थमांथी:—

विनयहीणु बहुमानहीणु उपधानहीणु गुरुनिण्हव अनेराकण्हइं पढयं अनेरइंकहइं

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



व्यंजनकूडु अर्थकूडु तदुभयकूडु कूडउ अक्षरु कानइ मात्रि आगलइ ओछउ देववंदणवांदणइ पाडिकमणइ सझ्झाउ करतां पढतां गुणतां हुयइ अर्थकूडु कहइ हुइ सूत्रु अर्थु बेउ कूडां कह्यां हुइ ज्ञानोपकरण पाटी पोथी कमली संपुड सांपुडी आशातन पगु लागउ थुंकु लागउं पढतां प्रद्वेष मच्छरु अंतराइ उहनु कीधउ हुइ तथा ज्ञानद्रव्यु भक्षितु उपेक्षितु प्रज्ञापराधि विणास्यं विणासतउं उवेख्यं हुंती सक्ति सार संभाल नही कीधियइ। अनेरइ ज्ञानाचारि जु कोइ अतीचारु हूउ सुक्ष्म बादरु मनि वचनि काइ पक्षदिवसमांहि तेह सवहि मिच्छा मि दुक्कडं

संवत् १३६९ मां लखायेला ताडपत्रमां अतिचारना अर्थमांथीः—

मृषावादि सहसातकारि आलु अभ्याख्यानु दीधउ रहस मंत्र भेदु कीधउ मृषोपदेसु दीधउ कूडउ लेखउ लिखिउ कूडी साखि थापणि मोसउ कुणहइ सउ राडि भेडि कलहू विढाविढि जु कोइ अतिचारु मृषावादि व्रति भव सगलाइमाहि हुइ त्रिविधि त्रिविधि मिच्छा मि दुक्कडं। अदत्तादानि पिराइउं छानउं फीटुउं लीधउं दीधउं वावरिउ घरि बाहिरि खेत्रि षलइ

**नवकार व्याख्यान.** संवत् १३५७ मां लखायेला कागळना पुस्तकमां नवकारना अर्थमांथीः—

इणि पंचपरमेष्ठि नमस्कारि महामंत्ति सुमरीतइ हुंतइ ( पापतणउ ) क्षउ होयइ ईणि संसारि दधिचंदनदूर्वादिक मंगलीक भणीयइ तीह मंगलिक सर्वहींमाहि प्रथमु मंगलु एहु। इणि कारणि शुभकार्यआदि पहिलउ सुमरेवउ जिव ति कार्य एहतणइ प्रभावइ वृद्धिमंता हुयइ। यउ नमस्कारु अतीतअनागतचउवीसआदिजिनोक्तसारु सु तुम्हे विसेषहइ हियडातणइ प्रस्तावि अर्थयुक्तु ध्येयु ध्यातव्यु गुणेवउ पढेवउं . . . इणि नवकारि नवपद पांच अधिकार सठि अक्षर तीहमाहि छ भारी इकसट्ठि लघु इसउ नमस्कारतणउं महात्म्यु ॥

**गणितसार.** श्रीधराचार्यनो गणितसार गूजराती अर्थ साथे आमां आपेलो छे. प्रतीक पाटणमां दफनखानना राज्यमां शिलारसाहना व्यापारमां सं. १४४९ मां मोढ ज्ञातिना कुटुंब वास्ते राजकीर्तिमिश्रे लखेलो छे. संवत् १४४९ ना जूना जैनेतर गूजराती गद्यना नमूना माटे घणो उपयोगी छे. थोडोक भाग नीचे उतारेलो छे.

शिवु भणीइ देवाधिदेवु भट्टारकु महेश्वरु किसु जु परमेश्वर कैलासशिषरुमंडनु पार्वतीहृदयरमणु ।विश्वनाथ जिणं विश्व नीपजाविउं तसु नमस्कारु करीउ बालावबोधनार्थु बालभणीइं अज्ञान तीहं किहिं अवबोध जाणिवातणइ अर्थि आत्मीययशोवृद्धयर्थ श्रेयस्करणार्थ श्रीधराचार्यु गणितु प्रकटीकृतु ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अंत सं. १४४९ वर्षे वैशाख वदि ११ रवौ श्रीमदणहिलपुरपत्तने समस्तराजावलीसमलंकृतश्रीदफनखानराज्ये मलिकश्रीशिलारसाहे व्याप्रियमाणे सति श्रीमोढज्ञातियठ० गागासुतठ० अमरसीहसुतथिरपालडूंगरवइरसिंहप्रभृतिसमस्तभ्रातृवर्गेभ्यः भ्रातृपुत्राणां पठनार्थं पितृव्यवाणारी राजकीर्तिमिश्रैः सूत्रपुस्तिका लिखिता

**संग्रहणी बालावबोध** तपागच्छना आचार्य रत्नसिंहसूरिना शिष्य उदयसिंहना सं. १४९७ मां रचेला संग्रहणी बालावबोधनी संवत् १९४८ मां लखायेली प्रतमांथीः—

अंत सदगुरुकन्हलि पूछी विशेषअर्थनुं ग्रहण करिवउं। जे भव्य जीव छइ तेहनई ए संघयणिनुं विचार कहतां कर्मक्षय होइ तेहतणइ भव्यजीवइ ए विचार जोइनुं जाणिनुं जिम ते भव्य जीवनइं ऋद्धिवृद्धि होइ। ए बालावबोध सामान्य साधु सुश्रावक श्राविकानइ अर्थनउं लवलेश जाणिवानइ संवत् १४९७ चउदसत्ताणवइ श्रावणसुदि चउदसि शुक्रवारि तिणि दिनि तपागच्छि भट्टारकश्रीरत्नसिंहसूरिनइं पंडित उदयसिंहि ए बालावबोध रचिउ समस्तमांगलिकनइं अर्थि होउ ॥

## औक्तिको.

अत्यार सुधी कुलमंडननुं मुग्धावबोध ( सं. १४६० ) अने उदयधर्मनुं वाक्य प्रकाश ( सं १५०७ ) ए बे औक्तिको जणायेलां हतां. परंतु बीजां त्रण प्राचीन औक्तिको भंडारोमांथी मळी आवेलां छे. औक्तिको संबंधी वसंतमां में आगळ लखेलुं होवाथी अहींयां पुनरावर्तन करवानी जरुर नथी. मुग्धावबोधनी आशरे ६ प्रतो भंडारमां छे, जे छपायेली आवृत्तिनी भूलो सुधारवामां उपयोगी थइ पडशे.

**औक्तिक** आ औक्तिकना कर्ता भट्टारक सोमप्रभसूरि कीयागच्छना हता ने ते क्यारे थया ते जणायेलुं नथी. एक सोमप्रभाचार्ये सं. १२४१ मां कुमारपाल प्रतिबोध तथा सुमतिनाथ चरित्र रचेलुं छे. बीजा शतार्थिक सोमप्रभाचार्य तपागच्छमां १४ मा शतकनाउत्तरार्धमां थया हता. तेमनी कृति सिंदुरप्रकर प्रसिद्ध छे.

प्रणम्य श्रीजिनं वीरं बालानामुक्तियुक्तये।
कियाकारकसंबंधसंग्राहं वच्मि किंचन ॥ १ ॥
शब्दक्रियाख्यातकृत्ताद्धिताख्यसमासकाः।
षट्कारकाणि संबंधो वाच्या विभक्तयोत्र च ॥ २ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



एउ करइ तउ करइ लेइ इत्यादि हउ करउ लिउ दिउ इत्यादि तथा करावइ लिवडावइ दिवरावइ यथा लभाडइ लंभयति संपादयति उतारइ उत्तारयति हउ कीजउ तणि कीजइ यथा देवदात्ति तइ मइ हुइ अइसुइ अइबइसइ यथा सेहि आवश्यकु पढिउ एउ सवेहि राजि जाणीइ तथा करतउ लेतउ देतउ इत्यादि तथा गुरि अणुजाणिउ चेलु व्याकरणु पढत

**उक्तिसंग्रह** देवभद्रना शिष्य तिलक पंडिते बनावेलो छे. देवभद्र कीया गच्छना हता ते जणावेलुं नथी. आगमिक देवभद्र १३ मा शतकमां थएला हता.

वाचा कायेन मनसा श्रुत्वा वाचं विधीयते ।
बालार्थमुक्तिसंस्कारः शास्त्रान्वेषणदर्पणः ॥
नमः श्रीदेवभद्रेभ्यो गुरुभ्यश्च निरंतरं ।
येषां प्रसादमासाद्य बुधायंते जडा अपि ॥ २ ॥
क्रियाकारकलिंगानि उक्तानुक्तं नरत्रयं ।
संख्यापरस्मैकाद्याश्चात्मनें सह विभक्तिभिः ॥ ३ ॥

सर्वत्र इनंता क्रिया यथा उपाध्यायु मइ पढावइ । क्वचित् प्रथमाक्षरोपि इन्भवति यथा देवदात्ति मइ पाणिउ पावइ पापियउ साधु मारइ एवं आपइ वारइ सारइ दाहवइ तापइ इत्यादीनामपि । कउण कउणि वा इत्यपेक्षायां यत्र क्रियानिर्देशः स कर्ता उकारांतः कर्तृशब्दः यथा देवदत्तु करइ सोपि इकारान्तस्तदानुक्तकर्ता यथा देवदात्ति पढीयइ कसउ इत्यपेक्षायां कर्म कर्माणि द्वितीया कइसइ करिउ कइसइ छेहि कउणि करिउ कउण छेहि इत्यपेक्षायां करणं करणे तृतीया.

अंत भारतीभूषणमिदं समसंस्कृतप्राकृतं ।
नित्यं पठंति ये तेषामस्तु स्वस्तिनिबन्धनं ॥
सरस्वत्याः पुरःस्थित्वा परित्यक्तान्यकर्मकः ।
स्मरेदहर्निशं यस्तु तस्यास्ति सर्वतोमुखी ॥
यावद्धरानितंबेषु क्रीडंति विबुधा बुधाः ।
त्रिलोकीतिलकस्तावत्पठ्यतामुक्तिसंग्रहः ॥
इतिवृत्तित्रयसारोद्धारे पंडिततिलकविरचितभाष्यं समाप्तं ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**षट्कारकना** कर्तानुं नाम तेथा रच्या संवत् आपेला नथी. प्रतीक अंचल गच्छना सूरि जयकीर्तिए सं. १४८९ मां लखेलो छे.

अथ षट्कारकमभिलिख्यते। यथा छ कारक सातमु संबंध कर्ता कर्म करण संप्रदान अपादान संबंध अधिकरण। जे करइ स कर्ता जं कीजइ तं कर्म जीणइ करी क्रिया कीजइ तं करण जेह देवातणइ इच्छा जेह रुचइ कांइ जे धरीइ कांइ तं कारक संप्रदान जेहतु अपाय विश्लेषु हुइ जेहतु भय हुइ जेहतु आदान ग्रहण हुइ तं कारक अपादानु जेहकहिं जेह माझि जेह पासि जेह तणउ जेहतणी जेहसरइ जेकहिइ इत्यादि संबंध। गामि पाद्रि खलइ क्षेत्रि वनि पर्वति माहि बाहिरइ इत्यादौ आधारः

अंत संवत् १४८९ वर्षे फाल्गुन वदि ७ दिनि आंचलि पक्षे लिखितं श्री जइकीर्तिसूरिः ॥

**कारकविचार** प्रतीक संवत् १९४२ मां लखेलो छे षट्कारकने आ बंन्ने एकज लागे छे.

अथ षट्कारकमभिलिख्यते। यथा छ कारक सातमुं संबंधु कर्ता जं कीजइ तं कर्मु जीणइ करइ क्रिया कीजइ तं करणु जेह देवातणी इच्छा जेह रुचइ कांइ जेह धर रइ कांइ तं कारक संप्रदानु जेहनुं अपाविश्लेषइ जेहनुं आदानु ग्रहण हुइ तं कारक अपादान जेहमाझि जेहपासि जेहतणउ जेहतणी जेहरही जेहकाहिं इत्यादि संबंध। गामि पाद्रि क्षेत्रि वनि पर्वति मांहि बाहिरइ इत्यादि आधार.

दामोदररचित उक्तिव्यक्ति (९० आर्या) ताडपत्र उपर छे. टीकाकारे उक्तिव्यक्तिनो अपभ्रंश भाषाओथी आच्छादित संस्कृत भाषानुं प्रकटीकरण एवो अर्थ करेलो छे.

१६ मा शतकमां रचायेला रासो ५० थी वधारे हशे. त्यारपछीना रासो तो घणाक छे. देपालनुं जावडचरित्र, गुणाविनयनो कर्मचंद्रवंशावलीप्रबंध, कनककुशलनो विजयदेवसूरिरास (१६६४), काशीना राजा जयचंद्रनो रास, गुणाविजयनो कोचरव्यवहारिरास, खरतरज्ञानराज गणिना शिष्य लब्धोदय गणिए उदयपुरना कटारिआ गोत्रना मंत्रि भागचंद्रना अनुरोधथी संवत् १७०७ मां राणा जगत्सिंहना समयमां रचेलो पद्मिनीचरित्र रास, पंचदंडप्रबंध (१९९३), उदयभाणवाचककृत विक्रमरास, ज्ञ शेखरना शिष्य जयसोमकृत अंबडकथा गद्य (प्र. १५७१) विनयसमुद्रनुं

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



चरित्र ( सं. १६९९ ) देवशीलनी वेतालपचीशी ( सं. १६१९ ) अभयसोम कृत विक्रम चरित्र ( सं. १७२४ ) विक्रमसेनचतुष्पादि परमसागरकृत ( सं. १७२४ ) वगेरे ग्रंथो ऐतिहासिक तथा लोककथानी दृष्टिए नोंधवा जेवा छे.

आ प्रमाणे पाटणना भंडारोना अति अगत्यनां पुस्तको आपणे जोयां; परंतु आ उपरांत बीजां पुस्तकोमांथी पण घणी उपयोगी माहीती मळी शके छे. ते हकीकत स विस्तर रिपोर्ट जेमां पाटणना समस्त ६९८ ताडपत्रो तथा तेथी वधु कागळना अगत्यना संस्कृत, प्राकृत, अपभ्रंश अने गूजराती ग्रंथोनुं सविशेष वर्णन आवशे तेमां अपाशे. ग्रंथोने अंते आपेला ग्रंथकारना इतिहास तथा हस्त लिखित पुस्तकोने प्रांते आपेली लखावनारनी तथा लखनारनी प्रशस्तिओमांथी घणी ऐतिहासिक, सामाजिक तथा देशविषयक माहीती मळे छे.

पाटणना भंडारो तपासवामां डॉ ब्युलर, डॉ. भांडारकर, डॉ पीटर्सन अने प्रो. मणीलालने घणी मुश्केलीओ नडी हती; अने तेथी तेओ बधा भंडारो संपूर्ण रीते जोइ शक्या न हता; परंतु प्रवर्त्तक श्रीमान् कांतिविजयजी महाराजना सहानुभूतिभरेला साहाय्यथी मारुं काम घणुं सरळ थयुं हतुं. पाटणना भंडारो खास करीने गूजराती भाषा तथा साहित्य उपर केटलो बधो प्रकाश पाडे छे ते आपणे जोयुं अने तेथी ते भंडारोनुं यथार्थ रहस्य बहार पाडवाने माटे विद्याविलासी श्रीमंत महाराजा साहेबनो गूजराती साहित्य परिषदे आभार मानवो घटे छे.

समाप्त

For Private And Personal Use Only